dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue - 199 | AD - 2024, Chaitra sud - 15 | Tuesday, Dt.23-04-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### લોકસભા - ૨૦૨૪માં સુરતથી ભાજપે ચૂંટણી પહેલા જ કમળ મોકલ્યું, વડાપ્રધાન, મુખ્યમંત્રીએ ટ્વીટ કરી શુભેચ્છા પાઠવી

# ભાજપે રચ્યો ઈતિહાસ : મુકેશ દલાલ બિનહરીફ

(એ.આર.એલ),સુરત,તા.૨૨

લોકસભાની ચૂંટણી પહેલા ભાજપે ઈતિહાસ રચ્યો છે. ચૂંટણી પહેલા ભાજપની જીત થઈ છે. સુરતના ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ ચૂંટાયા છે. આવુ પહેલીવાર થયુ છે કે કોઈ ઉમેદવાર ચૂંટણી પહેલા બિનહરીફ થયા હોય. સુરત લોકસભા બેઠક પર ઈતિહાસ રચાયો છે. સુરત લોકસભા બેઠક બિનહરીફ થઈ છે. ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ બન્યા છે. ત્યારે આ ઐતિહાસિક જીત પર ભાજપમાં જશ્નનો માહોલ શરૂ થયો છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે મુકેશ દલાલને મીઠાઈ ખવડાવીને તેમને અભિનંદન આપ્યા હતા. ભાજપના લોકસભાના બિનહરીફ ઉમેદવાર મુકેશ દલાલે ભાજપ પ્રદેશ પ્રમુખ સાથે મુલાકાત કરી હતી.

સુરત લોકસભા બેઠકો પર મુકેશ દલાલ બિનહરીફ જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સુરત લોકસભા બેઠક ઉપર હવે કોઈ પ્રકારની ચૂંટણી એટલે કે મતદાન કરવાની જરૂર નથી. એક જ ઉમેદવાર બાકી રહ્યા હોવાના કારણે તેઓને નિયમો અંતર્ગત બિનહરીફ જાહેર કરવામાં આવશે.



સુરતમાં બે દિવસથી ચાલી રહેલા હાઈવોલ્ટેજ ડ્રામાનો આખરે અંત આવ્યો છે. ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ વન વે જીતી ગયા છે. તેમની સૌથી મોટી ટક્કર કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી સાથે હતી. બે દિવસ પહેલા કુંભાણીના ચારેય ટેકેદારો ફરી ગયા હતા, અને નિલેશ કુંભાણીનું ફોર્મ કેન્સલ થયું હતું. જેના બાદ ગઈકાલથી આ રાજકીય ઘટનાએ વેગ પકડ્યો હતો. તેના બાદ આજે ૮ અપક્ષ ઉમેદવારોએ એક પછી એક ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની શરૂઆત કરી હતી. છેલ્લે બીએસપીના ઉમેદવાર પ્યારેલાલ અડચણ રૂપ બન્યા હતા. આખરે બસપાના ઉમેદવારે પણ ફોર્મ પરત ખેંચ્યુ હતું. આમ, કોંગ્રેસનું ફોર્મ રદ થયા બાદ અન્ય ૮ ઉમેદવારોએ પણ પીછેહટ કરી હતી. જેના બાદ ભાજપના મુકેશ દલાલને બિનહરીફ જાહેર કરાયા હતા.

સુરતમાં ૮ ઉમેદવારોમાંથી ૭ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચ્યા હતા. જેના બાદ માત્ર બીએસપીના એક ઉમેદવાર જ ફોર્મ ખેંચવામાં બાકી બચ્યા હતા. તેથી બીએસપીએ પોતાના ઉમેદવાર પ્યારેલાલ માટે પોલીસ પ્રોટેક્શનની માંગણી કરી હતી. પ્યારેલાલને ઉમેદવારી પાછી ખેંચવા માટે મળી રહેલી ધમકી અને લોભાવની લાલચને ધ્યાનમાં રાખી પાર્ટી તરફથી પોલીસ પ્રોટેક્શનની માંગ કરવામાં આવી હતી. તારીખ ૨૧ એપ્રિલના રોજ સુરત જિલ્લા કલેક્ટર પાસેથી પાર્ટી તરફથી લેખિતમાં પોલીસ પ્રોટેક્શનની માંગણી કરવામાં આવી હતી. જેમાં લખાયું હતું કે, જુદા જુદા નંબરોથી તેમને ફોન કરી પૈસા આપવાની વાત કરવામાં આવી હતી. ઉમેદવારને જાનમાલની હાનિ થઈ શકે આ માટે પોલીસ પ્રોટેક્શનની માંગ કરાઈ છે. બાદમાં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર પ્યારેલાલ ગાયબ થયા બાદ કલેક્ટર કચેરીએ પ્રગટ થયા અને તેમણે ઉમેદવારી પત્રક પરત ખેંચવાની પ્રક્રિયા શરૂ કરી. સુરતમાં ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થતા ઈતિહાસ સર્જાયો છે. ભાજપ પહેલીવાર લોકસભા ચૂંટણીમાં કોઈ બેઠક બિનહરીફ જીત્યું છે. અત્યાર સુધી લોકસભાની ચૂંટણીમાં ૨૮ સાંસદ બિનહરીફ જીત્યા છે. સૌથી વધારે જમ્મુ-કાશ્મીરમાં સાંસદ બિનહરીફ જીત્યા છે. ત્યારે હવે સુરત બેઠક પર ભાજપની આ જીત ઐતિહાસિક ગણાવી શકાય.

### સુરત કલેક્ટરે મુકેશ દલાલને વિજેતા જાહેર કર્યા

**સુરતના કલેક્ટર સૌરભ પારધીએ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૫૩ની પેટા-કલમ ૨ હેઠળ ચૂંટણીનાં પરિણામની જાહેરાત કરતા જણાવ્યુ હતું કે ગુજરાત રાજ્યના ૨૪- સુરત સંસદીય મતદાર વિભાગમાંથી લોકસભા માટેની ચૂંટણી સંચાલનના નિયમો ૧૯૬૧ના નિયમ ૧૧ના પેટા-નિયમ એકસાથે વણસતાં લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૬૧ની ૫૩ની પેટા-કલમ ૨ જોગવાઈઓના અનુસરણમાં હું જાહેર કરું છું કે ઉપરોક્ત મતદાર વિભાગમાંથી એક ગૃહની બેઠક ભરવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા સમર્થન અપાયેલા મુકેશકુમાર ચંદ્રકાંત દલાલ યોગ્ય રીતે ચૂંટાઈ આવ્યા છે.**

### ભારત હવે અમેરિકા માટે નવા નાગરિકોનો બીજો સૌથી મોટો સ્ત્રોત

# ૨૦૨૨માં લગભગ ૬૬ હજાર ભારતીયોને યુએસ નાગરિકતા મળી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨

યુએસ સંસદીય અહેવાલ મુજબ, ૨૦૨૨ માં ૬૫,૯૬૦ ભારતીયો સત્તાવાર રીતે યુએસ નાગરિક બન્યા છે. આ સાથે, મેક્સિકો પછી, ભારત હવે અમેરિકા માટે નવા નાગરિકોનો બીજો સૌથી મોટો સ્ત્રોત બની ગયો છે. ૨૦૨૨ સુધીમાં, ૪૬ મિલિયન વિદેશી મૂળના નાગરિકો અમેરિકામાં રહેતા હતા, જે ૩૩૩ મિલિયનની વસ્તી સાથે દેશના ૧૪ ટકા છે. ૧૫ એપ્રિલની તાજેતરની "યુએસ નેચરલાઈઝેશન પોલિસી" રિપોર્ટ અનુસાર, ૯૬૯,૩૮૦ લોકો નાણાકીય વર્ષ ૨૦૨૨માં નેચરલાઈઝ્ડ યુએસ નાગરિક બન્યા. અમેરિકામાં નિયમો અનુસાર નાગરિકતા મેળવવાના મામલે મેક્સિકો પ્રથમ ક્રમે છે, ત્યારબાદ ભારત, ફિલિપાઈન્સ, ક્યુબા અને ડોમિનિકન રિપબ્લિકના લોકો આવે છે.



તાજેતરના સીઆરએસ રિપોર્ટ અનુસાર, ૨૦૨૨માં ૧,૨૮,૮૭૮ મેક્સિકન લોકોને યુએસ નાગરિકતા આપવામાં આવી હતી. તેમના સિવાય ભારતના ૬૫,૯૬૦ નાગરિકો, ફિલિપાઈન્સના ૫૩,૪૧૩ નાગરિકો, ક્યુબાના ૪૬,૯૧૩ નાગરિકો, ડોમિનિકન રિપબ્લિકના ૩૪,૫૨૫ નાગરિકો, વિયેતનામના ૩૩,૨૪૬ નાગરિકો અને ચીનના ૨૭,૦૩૮ નાગરિકોને અમેરિકન નાગરિકતા આપવામાં આવી હતી. CRS રિપોર્ટ અનુસાર, ૨૦૨૩ સુધીમાં, યુએસમાં વિદેશી મૂળના નાગરિકોમાં ૨૮,૩૧,૩૩૦ લોકો ભારતના હતા. તમને જણાવી દઈએ કે મેક્સિકો (૧,૦૬,૩૮,૪૨૯) પછી આ બીજો સૌથી મોટો નંબર છે. આ સિવાય ૨૨,૨૫,૪૪૭ લોકો ચીનના છે.

રિપોર્ટ અનુસાર અમેરિકામાં રહેતા કુલ ભારતીય મૂળના ૪૨ ટકા લોકો હાલમાં અમેરિકન નાગરિકતા માટે અયોગ્ય છે. ૨૦૨૩ સુધીમાં, આશરે ૨૯૦,૦૦૦ ભારતીય મૂળના વિદેશી નાગરિકો કે જેઓ યુએસમાં ગ્રીન કાર્ડ પર હતા તેઓ હવે નાગરિકતા માટે પાત્ર છે. કેટલાક નિષ્ણાતોએ યુએસ ઈમિગ્રેશન વિભાગ દ્વારા નાગરિકતા અરજીઓની પ્રક્રિયા અંગે ચિંતા વ્યક્ત કરી છે.

રિપોર્ટ અનુસાર, હોન્ડુરાસ, ગ્વાટેમાલા, વેનેઝુએલા, મેક્સિકો, અલ સાલ્વાડોર અને બ્રાઝિલના વિદેશી મૂળના લોકોને પ્રાકૃતિક નાગરિકતા મળવાની ટકાવારી ઘણી ઓછી છે. તે જ સમયે, વિયેતનામ, ફિલિપાઈન્સ, રશિયા, જમૈકા અને પાકિસ્તાનમાંથી આવેલા શરણાર્થીઓને નિયમો અનુસાર નાગરિકતા મળવાની ટકાવારી ઘણી વધારે છે.


શ્રી વિવેકાનંદ સ્કૂલ-બાબરા
ઉમિયાનગર, ચિતલ રોડ, બાબરા. જિ. અમરેલી
9586102525 / 94274 55593 / 94288 92183
નવા સત્ર ૨૦૨૪-૨૫ માટે શિક્ષકો જોઈએ છે.
◆ પ્રી-પ્રાયમરી PRE. PTC, PTC, B.Com, B.A., B.Sc. (શિક્ષીકા બહેનો)
◆ ધો. ૧ થી ૫ PTC, B.A. B.Ed., B.Com., B.Ed., B.Sc., B.Ed.
◆ ધો. ૬ થી ૮ B.A. B.Ed., B.Sc., B.Ed., B.Com., B.Ed.
◆ ધો. ૯, ૧૦ B.Sc/ M.Sc., B.Ed., B.A./ M.A. B.Ed., B.Com. B.Ed.
◆ ધો. ૧૧, ૧૨ (કોમર્સ) M.Com., B.Ed., M.A., B.Ed.
◆ ડ્રોઈંગ, કોમ્પ્યુટર તથા સ્પોર્ટસના શિક્ષકો
◆ Office clerk કમ્પ્યુટરના જાણકાર
ઉપરોકત લાયકાત ધરાવતા શિક્ષકોએ સંપૂર્ણ વિગત સાથેની અરજી તેમજ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે શાળાએ રૂબરૂ સંપર્ક કરવો.



પછી કે'તા નહી અમે રહી ગયા...
BHAGWATI ENERGY
PM સૂર્ય ઘર મફત વીજળી યોજના
સરકારની નવી યોજના મુજબ હવે સોલાર અપનાવવા પર મળશે.
વધુ સબસિડી!
₹78000 સુધી સબસીડી મળવા પાત્ર રહેશે.
SUNORA | adani Solar | RAYZON | GOLDI SOLAR | POLYCAB | LARSEN & TOUBRO
8080801217 / 9909189182
12, Bhagwati Shopping Center, Ground floor, Bhavnagar Road, Babra. (365421), Dist-Amreli
G-214 The Palladium Mall, near dairy done yogi chowk, surat.



એક એવી શાળા કે જયાં તમને ભણવાનું ગૌરવ થાય...
નિત્યમ વિદ્યા સંકુલ
Website : nityamvidyasankul.org, E-mail : nityamvidyasankul@gmail.com
બાલમંદિર થી ધો. ૧૨ ગુજરાતી / અંગ્રેજી માધ્યમ સાયન્સ - કોમર્સ - આર્ટ્સ ગર્લ્સ - બોયઝ હોસ્ટેલ
ADMISSION OPEN
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી. મો. ૯૯૨૫૪ ૫૧૫૫૧



AIMS - એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
જનરલ મેડિસિન વિભાગ
• ડાયાબિટીશ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
• દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
• (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
• મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
• કોલેરા, ઝાડા, ઊલટી, પેટનો દુ:ખાવો, એપેન્ડીક્ષ, પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઊલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
• પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
ડૉ. કેયૂર આર. કોટડીયા
MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાત
02792222060 7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી



Sheetal
ક્રીમી અને સ્વાદિષ્ટ શીતલ શ્રીખંડ
હવે, 6 KG માં પણ ઉપલબ્ધ
આપના 25 થી 30 લોકો ના શુભ પ્રસંગ માટે ઉત્તમ પસંદગી...
ઈલાયચી • મિક્સ ફ્રૂટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૬,૪૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૨/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.



POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૨૩-૦૪-૨૦૨૪

**બળેલ પીપરીયા, વાવડી, ઘુઘરાળા, વલારડી, ઈંગોરાળા, વાંડળીયા, ગળકોટડી, ખાખરીયા, જામ બરવાળા, કુંડળ, ખંભાળા, કોટડાપીઠા, મોટા દેવળીયાનો પ્રવાસ**

# બાબરા તાલુકાના લોકોના આશીર્વાદ હંમેશા મારી સાથે : જેનીબેન ઠુમ્મર





અમરેલી,તા.૨૨

અમરેલી લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે આજે બાબરા તાલુકાના વિવિધ ગામોનો પ્રવાસ કર્યો હતો. પ્રવાસ દરમ્યાન જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતું કે બાબરા તાલુકાના લોકોના આશીર્વાદ હંમેશા મારા અને મારા પરિવાર સાથે રહ્યા છે. આ તકે તેમણે જણાવ્યુ હતું કે અમરેલી જિલ્લાનો મહત્વનો બાબરા તાલુકો ભાવનગર- રાજકોટ અને અમરેલી-રાજકોટ હાઈવે પર આવેલો છે. અહીંયા ઔદ્યોગિક વિકાસની વ્યાપક તક છે ત્યારે અમરેલીથી બાબરા સુધીના ડબલ પટ્ટી રોડને ફોરલેન કરવામાં આવે તો બાબરાની કનેકટીવીટી અમરેલી સાથે વધી શકે. આ વિસ્તાર મુખ્યત્વે પશુપાલન અને ખેતી ઉપર નિર્ભર છે. ત્યારે ખેડૂતોને કપાસ, મગફળી, અને તેલીબીયાના પુરતા ભાવ મળતા નથી અને ખેતીમાં ખાતર, બિયારણ, અને જંતુનાશક દવા પણ મોંઘી બની છે ત્યારે ખેડૂતોને પાકની ઉપજનો એમ.એસ.પી. મુજબ ભાવ મળે તે જરૂરી છે. આ ઉપરાંત આ વિસ્તારમાં પશુપાલન અને તેની બાય પ્રોડકટ પનીર જેવી વસ્તુઓનું પ્રોડકશન થાય તે માટે અહીંયા મિલ્ક કંપનીની જરૂર છે. ત્યારે સરકાર સહકારી ધોરણે અહીંયા મિલ્ક પ્રોડકટનું બાબરાને કેન્દ્ર બનાવે તો ઘરે બેઠા બહેનોને પશુપાલનના વ્યવસાયથી રોજગારી મળી શકે. આ તકે તેમણે બહેનોને જણાવ્યુ હતું કે કોંગ્રેસ સરકારમાં ૩૭૦ રૂપિયામાં મળતો ગેસનો બાટલો હવે ૧ હજાર ઉપર પહોંચ્યો છે. પેટ્રોલ, ડીઝલ મોંઘા બન્યા છે. ખાતર-બિયારણ, દવાઓ મોંઘી થઈ છે. શિક્ષણ અને લોટ પર પણ ભાજપ સરકાર જીએસટી લે છે. ત્યારે શિક્ષણ મોંઘુ થયુ છે. પૂજા સામગ્રી પર પણ જીએસટી છે. ત્યારે લોકોને આ મોંઘવારીના સમયમાં ઘર ચલાવવુ મુશ્કેલ બન્યુ છે. શિક્ષત યુવાનો બેરોજગાર છે અને ગામડા ખાલી થઈ રહ્યા છે કેમ કે અહીંયા કોઈ રોજગારીની તક નથી. સરકાર હીરા ઉદ્યોગને પ્રોત્સાહન આપે અને નિગમ બનાવે તેવી અમારી માંગણી છે. આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે કાર્યકરો અને મતદારોને એક થઈ કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરને વિજય બનાવવા અપીલ હતી. જેનીબેન ઠુમ્મર સાથે જન આશીર્વાદ પ્રવાસમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, આમ આદમી પાર્ટીના કાર્યકરો અને આગેવાનો સાથે કોંગ્રેસના આગેવાનો જોડાયા હતા.

**મોંઘવારી મુદ્દે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો**

# અમરેલી જિલ્લામાંથી ૪ માથાભારે ઈસમોને હદપાર કરતી પોલીસ



અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સૂચના આપેલ હોય તેમજ આગામી સમયમાં લોકસભાની ચૂંટણી યોજાવાની હોય ત્યારે નિર્દોષ નાગરિકોને દાદાગીરી, ધાક-ધમકી આપી ઈજાઓ કરી ભયનું વાતાવરણ ઉભુ કરનારાઓ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે અમરેલી જિલ્લામાંથી રામપરા-૨ ના હરસુર સાર્દુળભાઈ વાઘ, અમરેલી શહેરના ધર્મેશ ઉર્ફે ભુરો જયંતિ બુધેલીયા, દિપક હસમુખ શાહ અને રફીક વલીભાઈ માંડલીયાને જિલ્લાની હદપારનો અમરેલી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.

# સા.કુંડલા ખાતે મુસ્લિમ સમાજનો બીજો સમૂહ લગ્નોત્સવ યોજાયો



અમરેલી,તા.૨૨

સાવરકુંડલાની આહીર બોર્ડિંગ ખાતે મુસ્લિમ સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં ચાર યુગલો જોડાયા હતા. આ સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા મુસ્લિમ આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# જિલ્લામાંથી બે શખ્સોને પાસા તળે જેલમાં ધકેલ્યા

પોલીસ અને કલેકટરની કડક કાર્યવાહીથી માથાભારે ઈસમોમાં ફફડાટ



અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં માથાભારે શખ્સો કે જેમના પર વિવિધ પોલીસ સ્ટેશનમાં વિવિધ ગુનાઓ નોંધાયેલા છે તેવા શખ્સો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ગુનેગારોને કાયદાનું ભાન થાય અને આગામી લોકસભાની ચૂંટણીમાં નિર્ભય વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જિલ્લા કલેકટર અજય દહીયાએ યાસીન ગુલાબભાઈ શેખ રહે. આણંદ તેમજ અનિરૂધ્ધ ઉર્ફે કાનો ભાભલુભાઈ વાળા રહે. કોટડા તા.ખાંભાવાળાને પાસા તળે પાલારા જેલ કચ્છ અને જિલ્લા જેલ મહેસાણા મોકલી આપવાની દરખાસ્ત કરતા જિલ્લા પોલીસ વડા હિમકરસિંહની સૂચનાથી એલસીબીએ કાર્યવાહી કરી છે. આમ, પોલીસ અને કલેકટરની કડક કાર્યવાહીથી માથાભારે ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

# વિશ્વ મેલેરિયા દિન નિમિત્તે આરોગ્ય કેન્દ્ર શેડુભાર નીચે આવતા ગામોમાં સર્વેલન્સ કેમ્પ યોજાશે



અમરેલી,તા.૨૨

ગુજરાત સરકાર દ્વારા ૨૫ એપ્રિલનાં રોજ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી નિમિત્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શેડુભારની નીચે આવતા દરેક ગામોમાં મેલેરિયા, ડેન્ગ્યું અને ચીકનગુનિયા રોગની અટકાયત માટે આરોગ્ય કર્મચારીઓ મારફત ટીમ દ્વારા ઘરે ઘરે ફરીને વાહકજન્ય રોગ અટકાયત કામગીરી ૨૦થી ૩૦ એપ્રિલ સુધી કરવામાં આવશે. જેમાં આરોગ્યની ટીમ મારફત દરેક ઘરોની મુલાકાત લઈ અને ખુલ્લા પાણી ભરેલા દરેક પાત્રોમાં એબેટના દ્રાવણ નાખવાની કામગીરી કરવામાં આવશે. તેમજ કાયમી પાણી ભરાયેલ પાત્રોમાં ગપ્પી ફિશ મુકવાની કામગીરી કરવામાં આવશે.

આ સાથે જ ગંદા પાણીના ખાડાઓમાં બળેલું ઓઈલ નાખવાની કામગીરી કરવામાં આવશે. તેમજ સર્વેલન્સ દરમ્યાન તાવના દર્દીની લોહીની તપાસ પણ કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, જીલ્લા મેલેરિયા અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસર તથા પ્રા.આ.કેન્દ્રના મેડિકલ ઓફિસર પ્રિયાંક ધોળકિયા તેમજ આયુષ મેડિકલ ઓફિસર બોરીચાનાં પ્રયત્નથી ગુજરાત સરકાર દ્વારા મેલેરિયા નાબુદી અભિયાનને સફળ બનાવવામાં આવશે.

# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે ત્રણ જિલ્લાની ઉપઝોન મિટિંગ મળી



અમરેલી,તા.૨૨

ગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ખાતે અમરેલી, બોટાદ અને ભાવનગર ત્રણ જીલ્લાની ઉપઝોનની મિટિંગ યોજાઈ હતી. જેમાં સર્વપ્રથમ સંસ્થાના વડા પૂ. ડો. રતિદાદા, પ્રફુલભાઈ સેંજળીયા, ગોવિંદભાઈ ગોંડલિયા, અતુલભાઈ પંડયા, ભરતભાઈ ત્રિવેદી, હરિશંકરભાઈ પંડ્યા, ભટ્ટભાઈ, બીપીનભાઈ ભરાડ, બાબભાઈ રાજયગુરૂ, મેહુલભાઈ પટેલ સહિત મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ અમરેલી, બોટાદ અને ભાવનગર ત્રણ જીલ્લાના પ્રમુખ શ્રી ભારત ભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા આવનારા સમયમાં ગાયત્રી પરિવારનું મોટું આયોજન જ્યોતિ કળશયાત્રા આવી રહી છે. તેના આયોજન માટે ચર્ચા વિચારણા કરી હતી. ચલાલા ગાયત્રી સંસ્કાર ધામના વડા પૂ. ડો. રતિદાદાને પી. એચ.ડી.ની પદવી મળતા ત્રણેય જિલ્લાના વરિષ્ઠ પરિજનોએ સન્માન કર્યુ હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંઘાણી
98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## અમરેલી, સાવરકુંડલા, ખાંભા અને બગસરા વિસ્તારમાં યોજાયો પ્રવાસ

# સાધુ સંતોના આશિષ એ જ મારી તાકાત : ભરત સુતરીયા





અમરેલી,તા.૨૨

અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાએ પ્રવાસ દરમિયાન સંતો મહંતોના આશીર્વાદ લીધા હતા. અમરેલી કેરિયા રોડ પર આવેલ બ્રહ્મકુમારી આશ્રમ ખાતે મુલાકાત લીધી હતી. જયાં આશ્રમના સંચાલક ગીતાદીદીએ વિજય તિલક કરી અને રક્ષાકવચ બાંધી વિજયી ભવઃના આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ સાવરકુંડલા મુકામે સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે મધ્યસ્થ કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યુ હતું. આ તકે ભરતભાઈને મોટી લીડથી જીતાડવા કાર્યકરોએ વિશ્વાસ આપ્યો હતો. ખાંભા તાલુકાના તાતણીયા ગામે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિની વાડીમાં અને ખાંભા તાલુકાના રાયડી ગામે પણ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં 'ઘરે ઘરે કમળ ખિલશે, આપણો દેશ વિશ્વગુરુ બનશે' ના નારા સાથે સભાઓ ગુંજી ઉઠી હતી. આ તકે ધારાસભ્ય જે.વી. કાકડીયા, માજી ધારાસભ્ય નલિનભાઈ કોટડીયા, દિપકભાઈ વઘાસિયા, પાર્થભાઈ કટુરિયા, વિપુલભાઈ શેલડીયા, કાળુભાઈ ફિંડોલીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. બગસરા સ્વામિનારાયણ મંદિરે સંતોના આશિષ લઈ બગસરા તાલુકાના હડાળા ગામે પણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રદિપભાઈ ભાખર, અતુલભાઈ કાનાણી સહિત બહોળી સંખ્યામાં કાર્યકરો તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા અને મોટી લીડથી ઉમેદવારને જીતાડવા કોલ આપ્યો હતો. ગારિયાધાર ખાતે ગારિયાધાર વિધાનસભાના મતક્ષેત્રના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્દ્ઘાટન પરબડી આશ્રમના મહંત બાલમુકુંન્દ બાપુના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ તકે ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ ધારાસભ્ય કેશુભાઈ નાકરાણી, વી.ડી. સોરઠીયા તેમજ પાર્ટીના તમામ હોદેદારો, આગેવાનો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.


# ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણીમાં જીત બદલ આભાર માનતા જયેશ પંડ્યા

અમરેલી,તા.૨૨



બગસરામાં ચેમ્બર ઓફ કોમર્સની તા.૨૦ના રોજ ચૂંટણી યોજવામાં આવી હતી. આ ચૂંટણીમાં બે પેનલોએ પોતાના ૧૫ ઉમેદવારોને ઉભા રાખ્યા હતા જયારે ચાર ઉમેદવારો સ્વતંત્ર રીતે ચૂંટણી લડયા હતા. આ ચૂંટણીમાં બંને પેનલોમાંથી ૧૪ ઉમેદવારો વિજેતા થયા હતા જયારે સ્વતંત્ર ઉમેદવારોમાંથી એકમાત્ર જયેશભાઈ પંડયા(જસાણી એન્ડ કું) વિજેતા થયા હતા. આ જીત બાદ જયેશભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, વેપારીઓએ મારામાં વિશ્વાસ મૂકી વિજેતા બનાવ્યો છે તે તમામ વેપારીઓનો હૃદયસ્થ આભાર માનું છે તેમજ મિત્રો, સ્નેહીજનોએ આ ચૂંટણીમાં જે સાથ અને સહકાર આપ્યો છે તે લોકોનો પણ આભાર વ્યકત કરૂ છુ. ચેમ્બર ઓફ કોમર્સમાં સભ્ય બન્યા બાદ જયેશભાઈ પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, વેપારીઓના પ્રશ્નો, કુંકાવાવથી વધુ લાંબા અંતરની ટ્રેન સેવા, ધાર્મિક સ્થળોએ જવા મુસાફરોને એસ.ટી.બસનો લાભ મળે, જીઆઈડીસી, બેન્કોમાં વેપારીઓને પડતી મુશ્કેલી સહિતના પ્રશ્નોની અધિકારીઓ અને પદાધિકારીઓને રજૂઆત કરવામાં આવશે. સાથોસાથ રૂા.૧૦ના સિક્કા બગસરા સિવાય તમામ શહેરોમાં ચલણમાં ચાલે છે ત્યારે શહેરમાં પણ રૂા.૧૦ના સિક્કા ચલણમાં લેવા માટે વેપારીઓ અને ગ્રાહકોને અપીલ કરી છે.

# રાયપર ગામે વીરાઆપાની પુણ્યતિથિએ ત્રિવેણી સંગમ મહોત્સવ યોજાશે



બાબરા,તા.૨૨


બાબરા તાલુકાના રાયપર ગામે સંત વીરાઆપાનો બે દિવસીય તિથિ મહોત્સવ આગામી ૨૪-૨૫ એપ્રિલનાં રોજ યોજાશે. જેમાં ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ વચ્ચે વહેલી સવારે સમાધિ મંદિરે આરતી, પૂજન, ધ્વજા આરોહણ, સત્સંગ સભા, બપોરે ભોજન પ્રસાદ તેમજ રાત્રીનાં કાર્યક્રમમાં નામી અનામી કલાકારો, સાધુ સંતો અને ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા, લાઠી બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિતના મહાનુભવો હાજર રહેશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રાયપરધામનાં મહંત હિપાબાપુ અને સેવકગણ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.


# વડિયામાં લો-વોલ્ટેજની સમસ્યાથી ગ્રામજનો ત્રસ્ત

અમરેલી,તા.૨૨

વડિયામાં ઉનાળો આવે અને પીજીવીસીલના લો વોલ્ટેજના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. વડિયાના સુરગપરા વિસ્તારમાં ગત વર્ષે લો વોલ્ટેજના પ્રશ્ન ઉપસ્થિત થતા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ રૂબરૂ મુલાકાત કરીને સ્થાનિક અને ઉચ્ચ અધિકારીનો ઉધડો લઈ તાત્કાલિક લો વોલ્ટેજનો પ્રશ્ન દૂર કરવા સૂચના આપી હતી. ત્યારબાદ પીજીવીસીએલ દ્વારા સુરગપરા વિસ્તારમાં પાવર સપ્લાયને મેનેજ કરવા બે નવા ટીસી ઉભા કરી લો વોલ્ટેજ દૂર કરવા કાર્યવાહી કરવામાં આવી હતી. જો કે આ પ્રશ્નનું યોગ્ય નિરાકરણ ન થતા સ્થાનિક નાગરિક દ્વારા પીજીવીસીએલના અધિકારીને રજૂઆત કરતા તેમને લોડ વધારો માંગવા જણાવવામાં આવેલ તે રકમ પણ અરજદાર દ્વારા ભરવામાં આવતા અને ફરિયાદ કરનાર દ્વારા રૂફટોપ સોલાર સિસ્ટમ પણ લગાવવા છતાં હજુ લો વોલ્ટેજનો પ્રશ્ન હલ ન થતા આ અરજદાર દ્વારા અંતે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ફરિયાદ કરતા સ્થાનિક નાયબ ઈજનેર દ્વારા ટૂંકાગાળામાં લો વોલ્ટેજનો પ્રશ્ન પૂર્ણ કરવા લેખિત ખાત્રી આપેલ હતી. આ ખાતરીને એક વર્ષ વીતવા છતાં ગુજરાત સરકારના તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અને ધારાસભ્ય એવા નાયબ મુખ્ય દંડકની સૂચનાની કોઈ ગંભીરતા ન હોય તેમ વડિયામાં હજુ પણ લો વોલ્ટેજનો પ્રશ્ન હોવાથી ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



ખૂબ - ખૂબ અભિનંદન





તાજેતરમાં યોજાયેલી ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણીમાં એકમાત્ર સ્વતંત્ર ઉમેદવાર તરીકે તમો વિજેતા થયા છો ત્યારે તમો વેપારીઓના પ્રશ્નોનું નિરાકરણ થાય તેવા પ્રયત્નો કરો તેમજ સામાજિક ક્ષેત્રે તમો ખૂબ પ્રગતિ કરો તેવી હાર્દિક શુભકામના
શ્રી જયેશભાઈ પંડ્યા
સભ્ય (ચેમ્બર ઓફ કોમર્સ)
બગસરા
લી.
શ્રી કમલેશભાઈ ઢોલરીયા
વૃંદાવન ઈલોક્ટ્રોનિક્સ,
સ્ટેશન રોડ
બગસરા

॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

સંકુલ BA - B.Com. - BBA - BCA - B.Sc. - B.Ed. ગર્લ્સ
MA - M.Com. - M.Sc. - MBA - MCA - ફાર્મસી - DMLT ગર્લ્સ
★ B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી – બાયોકેમેસ્ટ્રી
★ BA & MA – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★ B.Com & M.Com – એકાઉન્ટ & મેનેજમેન્ટ – બન્ને મિડીયમ
★ B.Ed. – ગણિત વિજ્ઞાન – એકાઉન્ટ કોમર્સ – ઈંગ્લીશ – ગુજરાતી – સંસ્કૃત
★ PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝૂલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad 011

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE





તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

દરેક પ્રકારના વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝીકૂલર બનાવનાર....
SINCE 1990





: ઓથો.ડીલરઃ
Haier | VOLTAS | Rockwell | HI-FROST | BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છૂટક તેમજ હોલસેલ ખરીદવા માટે.....
દુ. ૬/૭– ઓપેરા હાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી. મો. ૯૪૨૬૨૮૭૦૯૭






AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# બગસરામાંથી વિદેશી દારૂની પ૬ બોટલ સાથે એક ઈસમને પકડી પાડતી એલસીબી ટીમ



બગસરા તા.૨૨

વિગત અનુસાર બગસરામાં હુડકો કોલોનીમાં રહેતો સુરેશ હરજીવનભાઈ રાઠોડ નામનો એક શખ્સ બગસરામાં ઘણા સમયથી દારૂનું વેચાણ કરતો હોવાની અમરેલી એલસીબી ટીમને જાણ થતાં બાતમીના આધારે આ ટીમ દ્વારા રેડ પાડવામાં આવી હતી અને પ૬ બોટલ ભારતીય બનાવટનો દારૂ સહિત કુલ રૂ. ૨૨,૮૯૫ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે બગસરામાં ઘણા સમયથી દારૂનું દુષણ વધી રહ્યું છે પરંતુ બગસરા પોલીસ દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવી નથી. બગસરામાં શેરીએ ને ગલીએ દેશી દારૂ પણ બેફામ વેચાઈ રહ્યો છે ત્યારે આવા લોકો ઉપર તવાઈ ક્યારે લવાશે એવા લોકોમાં સવાલ ઉઠી રહ્યાં છે.

# અમરેલીમાં ફતેપુરના પુલ પર બે મોટર સાયકલ ટકરાઈ

અમરેલી, તા.૨૨

અમરેલીમાં ફતેપુરના પુલ પર બે મોટર સાયકલની ટક્કર થઈ હતી.

અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. આ અંગે અમિતકુમાર કનૈયાલાલ જોષી (ઉ.વ.૪૪)એ હિરો હેસ્ટની મોટર સાયકલ નંબર જીજે-૧૪-બીએ-૧૩૮૮ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની મોટર સાયકલ લઈને અમરેલી આવતા હતા ત્યારે આરોપીએ ફતેપુરના પુલ પર તેમને ટક્કર મારતાં પડી ગયા હતા.

જેમાં તેમને ઈજા પહોંચી હતી અને અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે.ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લાના વિવિધ ગામે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયા



અમરેલી,તા.૨૨

અમરેલી તાલુકાના વેણીવદર, ખડખંભાળિયા અને ટીંબલા ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં વધુ મતદાન થાય અને મતદાનના મહત્વ વિશે નાગરિકોને માર્ગદર્શન આપી જાગૃત કરવામાં આવ્યા હતા. જેમાં ખાંભા તાલુકાના સમઢીયાળા-૨ ગામ ખાતે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ગામના મહિલાઓ દ્વારા મતદાતા જાગૃતિ રેલી યોજાઇ હતી. નાગરિકોએ મતદાન કરવા અને મતદાન માટે અન્ય નાગરિકોને પણ જાગૃત કરવા શપથ લીધા હતા. ધારી તાલુકાના દલખાણીયા ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાગરિકોએ મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી. રાજુલા તાલુકાના કુંભારીયા ગામે શ્રમિકોને "મતદાર જાગૃતિ અભિયાન" કાર્યક્રમ અંતર્ગત મતદાનનું મહત્વ સમજાવી મતદાન કરવા અને આસપાસના નાગરિકોને પણ મતદાન માટે પ્રેરણા આપવા જાગૃત કરવામાં આવ્યા હતા.

# ધારીના હીમખીમપડીપરામાં તાવથી પરિણીતાનું મોત

ધારી, તા.૨૨

ધારીના હીમખીમડીપરામાં રહેતી એક મહિલાને તાવ આવતો હતો, જેને લઈ સારવાર અર્થે ખસેડાઈ હતી. જ્યાં તેમનું સારવારમાં મોત થયું હતું. બનાવ સંદર્ભે બાલુભાઈ નકુભાઈ વાઘેલા (ઉ.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની સંગીતાબેન બાલુભાઈ વાઘેલા (ઉ.વ.૨૫)ને છેલ્લા ૫ દિવસથી તાવ આવતો હતો. જેના કારણે શરીરમાં કણના ટકા ઘટી જવાથી સારવાર અર્થે ખસેડ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. સાવરકુંડલા વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધીક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા એસટી ડેપોમાં તંત્રની ઘોર બેદરકારી, એક જ દિવસમાં ત્રણ બસ એક કલાક મોડી ઉપડી

બગસરા,તા.૨૨

બસકરા એસટી ડેપોમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. અવારનવાર બસ મોડી ઉપડવાની ફરિયાદો તો મળતી જ હતી પણ ગઈકાલે એક જ દિવસમાં એક સાથે ત્રણ બસ એક કલાક મોડી ઉપડતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બગસરા અંબાજી, બગસરા રાજકોટ અને બગસરા કૃષ્ણનગર જેવી લાંબા રૂટની બસ મોડી ઉપડતા મુસાફરોના અનેક કામ રખડી ગયા હતા. આવા બનાવો છાશવારે બનતા જોવા મળે છે તંત્ર આ મામલે કોઈ કાર્યવાહી કેમ નથી કરતું તેવો સવાલ લોકોમાં ઉઠી રહ્યો છે. પેસેન્જર એસોસિએશનને પણ લોકો દ્વારા અનેક વખત રજૂઆતો કરી છે ત્યારે પેસેન્જર એસોસિએશન દ્વારા એસટી નિગમને પણ અનેક વખત રજૂઆત કરી છે કે લાંબા રૂટની બસ નિયમિત ઉપડે જેથી કરીને લોકો સમયસર પહોંચી શકે. પરંતુ આ નીંભર તંત્રને તો જાણે કાંઈ ફરક જ ન પડતો હોય તેમ ગમે ત્યારે બસ ઉપાડે છે. ત્યારે લોકોમાં માંગ ઉઠી છે કે બસ નિયમિત ઉપાડે જેથી લોકો સમયસર પહોંચી શકે.

# જિલ્લામાં ૨૪ સ્થળેથી ૩૦૦ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી ૩૦૦ લીટર દેશી દારૂ ઝડપાયો હતો.

જેમાં ૫ મહિલા પણ સામેલ હતી. આ સિવાય ચલાલામાંથી બે, ટીંબી ચેકપોસ્ટ, દામનગર, ખડાધાર ચેકપોસ્ટ, બાબરા, જાપોદર ગામેથી એક-એક મળી કુલ સાત ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. સાવરકુંડલા, ચલાલા, ખાંભા, રાજુલા અને ટીંબી ચેકપોસ્ટ પરથી એક-એક મળી કુલ પાંચ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતાં મળી આવ્યા હતા.

# પતિએ તું દીકરાનું ધ્યાન રાખતી નથી કહી સાથે લઈ સુરત જતાં રહેતા પત્નીએ એસિડ પીધું

## સા.કુંડલાના ઘોબા ગામે બનાવ બન્યો

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલાના ઘોબા ગામે રહેતી એક પરિણીતા તેના પતિ અને પુત્રો સાથે સુરતથી પિતાના ઘરે આવી હતી. મહિલાનો પુત્ર અગાશી પરથી પડી જતાં પતિએ તેને તું દીકરાનું ધ્યાન રાખતી નથી તેમ કહી પુત્રને લઈ સુરત ખાતે જતો રહ્યો હતો. જેથી લાગી આવતાં મહિલાએ એસિડ પી લીધું હતું. રવિનાબેન પ્રકાશભાઈ ચુડાસમા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, સુરત મુકામેથી તેના પતિ તથા બન્ને દીકરા સાથે કૌટુંબિક કામકાજ અર્થે સાવરકુંડલા ખાતે તેના પિતાના ઘરે આવ્યા હતા. તેનો મોટો દીકરો મનિષ અગાશી ઉપરથી પડી જતા પતિએ તેને ખીજાઈને કહ્યું કે, તું દીકરાનું ધ્યાન રાખતી નથી તેમ કહી બન્ને દીકરાઓને સાથે લઈને સુરત જતા રહ્યા હતા. જેથી તેમને તેના બન્ને દીકરાઓની યાદ આવતી હતી અને આ બાબતે લાગી આવતા પોતાની રીતે એસિડની બોટલમાંથી એક ઘુંટ પી લીધું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમાનભાઈ યાસીનભાઈ કાજી વધુ તપાસ કરી રહ્યા છે.

# ધામેલ ગામે મહિલાના ગળામાંથી સોનાની કંઠી તોડીને બે ઈસમો ફરાર

**લીક્વીડનું ફ્રી સેમ્પલ આપવાના બહાને આવ્યા હતા**

દામનગર, તા.૨૨

દામનગરના ધામેલ ગામે જુના પ્લોટ વિસ્તારમાં એક મહિલાના ગળામાંથી સોનાની કંઠી આંચકો મારી તોડીને બે ઈસમો ફરાર થઈ ગયા હતા. આ અંગે હંસાબેન દામજીભાઈ ચિતલીયા (ઉ.વ.૪૮)એ બે અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ કંપની તરફથી વાસણ ધોવાના લીકવીડ તથા પાવડરના ફ્રી સેમ્પલ આપવાનું કહી હાથમાં લાલ કલરનો પાવડર આપ્યો હતો. જેથી તેઓ આ પાવડર વાળો હાથ ધોવા જતા આરોપી તેના ગળામાં રહેલી સોનાની બે સરની કંઠી કિં.રૂ.૫૦,૦૦૦ આંચકો મારી તોડીને ફરાર થઈ ગયા હતા. દામનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.પી.પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# હનુમાન જયંતી નિમિત્તે પદયાત્રીઓ માટે પ્રસાદ વિતરણ સ્ટોલ ખુલ્લો મુકાશે

ચલાલા,તા.૨૨

ચલાલાનાં સેવાભાવી યુવાનો અને દાતાઓ દ્વારા હનુમાન જયંતી પ્રસંગે ભુરખીયા હનુમાનજી મંદિરે હનુમાનજીનાં દર્શને જતા અમરેલી જીલ્લાના હજારોની સંખ્યામાં પદયાત્રીઓ માટે વિનામૂલ્યે પ્રસાદ વિતરણ સ્ટોલ ખુલ્લો મુકવામાં આવશે. પદયાત્રીઓ અને અન્ય વાહનોમાં જતા ભાવિક ભક્તજનોને કોઈ અગવડ ના પડે તે માટે અમરેલીથી ભુરખીયા માર્ગ પર સેવાભાવીઓ દ્વારા જુદા જુદા સ્થળો પર અનેક સ્ટોલ વિનામૂલ્યે પ્રસાદ વિતરણ કરવા માટે ખોલવામાં આવે છે.

જે અંતર્ગત ચલાલામાં બજરંગ ડેરી ચલાવતા સેવાભાવી દિવ્યેશ ઉનડકટ અને તેના પચાસેક જેટલા સેવાભાવી યુવાન મિત્રો દ્વારા ૨૨ એપ્રિલના રોજ વિનામૂલ્યે પ્રસાદ વિતરણનો સ્ટોલ અલી ઉદેપુરનાં પાટીયા પાસે નિરાલી જીનીંગની બાજુમાં ખુલ્લો મુકવામાં આવશે. આ સ્ટોલમાં ગરમ અને ઠંડી વસ્તુઓ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. જેનો લાભ લેવા દિવ્યેશ ઉનડકટ અને દાતાઓએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: પૂનમ
તા. ૨૩-૦૪-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૫:૪૭,
સૂર્યાસ્ત-૦૬:૫૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

**તા.૨૨-૦૪-૨૦૨૪ — મંગળવાર**

- મેષ: આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય.
- વૃષભ: આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે. તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભના રૂપમાં મળશે.
- મિથુન: નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે.
- કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે.
- સિંહ: આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. પરંતુ થોડી આળસ કર્યા પછી તમે તમારું કાર્ય પૂર્ણ નિષ્ઠાથી કરી શકશો.
- કન્યા: આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. પરંતુ ઘરના કાર્યોમાં આળસ રાખતા થોડા સમય માટે વાતાવરણ બગડશે.
- તુલા: આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો. શંકા રાખતા ઘરના સભ્યો સાથે બગાડી શકો છો. આજે એકાગ્રતા રહેશે નહીં.
- વૃશ્ચિક: આજે દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે.
- ધન: આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઇ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે.
- મકર: આ દિવસે પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. કાર્યસ્થળ પરનો મોટાભાગનો સમય અવ્યવસ્થિત કાર્યોને સુધારવામાં ખર્ચવામાં આવશે.
- કુંભ: તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે.
- મીન: તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઇ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો.

# સા.કુંડલામાં તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે હનુમાનજી જન્મોત્સવ ઉજવાશે

**સાંજે ૪:૩૦ કલાકે દિવ્ય આરતી, ૭:૦૦ કલાકે નૈવેદ્ય થાળ અને મહાપ્રસાદ**

સાવરકુંડલા. તા. ૨૨

શ્રી તાત્કાલિક હનુમાનજી આશ્રમ, કે.કે. હાઈસ્કૂલ પાછળ સાવરકુંડલા ખાતે આજરોજ તા.૨૩-૪-૨૪, મંગળવારના રોજ ચૈત્રી પૂર્ણિમાના શુભ દિવસે હનુમાનજી મહારાજનો જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ પ્રસંગે ધાર્મિક, સામાજિક અને સેવાના કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે. પક્ષીઓ માટે માટીના કુંડા અને ચકલી ઘરનું વિનામૂલ્યે વિતરણ, ૪ કલાકે આયુર્વેદિક કેમ્પનું



આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આવેલા દરેક દર્દીનાં તમામ પ્રકારના રોગનું નિદાન કરી જરૂર મુજબ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે. સાંજે ૪-૩૦ કલાકેથી શ્રી હનુમાનજી મહારાજની પરમ મંગલકારી દિવ્ય આરતી, સાંજે ૭ કલાકે નૈવેદ્ય થાળ બાદ તમામ દર્શનાર્થીઓને સંતો, ભક્તો, ભાઈઓ, બહેનો સૌ એક પંગતમાં બેસી હનુમાનજી મહારાજનો મહાપ્રસાદ લેશે.

# સાવરકુંડલામાં રામનવમીના સફળ આયોજનને બિરદાવતો ભાજપ પરિવાર

સાવરકુંડલા. તા.૨૨

રામનવમી નિમિત્તે સાવરકુંડલા શહેરમાં યોજાયેલ શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા આયોજીત રામનવમી શોભાયાત્રાનું સતત ત્રીજીવાર ભવ્ય રીતે આયોજન કરવા બદલ શ્રી રામ જન્મોત્સવ સમિતિના પ્રમુખ જીવનભાઈ વેકરીયા અને સમગ્ર શ્રી રામ જન્મોત્સવ સમિતિની પુરી ટીમને ભાજપ પરિવાર દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. તેમજ રામનવમીની શોભાયાત્રામાં કોમી એકતા અને શાંતિપૂર્વકના આયોજન બદલ સમિતિની વ્યવસ્થાની પ્રશંસા કરી ભાજપ પરિવાર દ્વારા સમગ્ર આયોજક ટીમને બિરદાવવામાં આવી હતી.

# જિલ્લાવાસીઓને ગરમીમાં આંશિક રાહત

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી ગરમીમાં આંશિક ઘટાડો થતા જિલ્લાવાસીઓએ રાહત અનુભવી હતી. જિલ્લામાં છેલ્લા ઘણા દિવસથી સૂર્યનારાયણ કોપાયમાન થયા હોય તેમ આકરો તાપ વરસતો હતો. જો કે દિવસ દરમિયાન હળવો પવન રહેતા લોકોએ રાહત અનુભવી હતી. હવામાન વિભાગ દ્વારા આગામી સમયમાં ફરી તાપમાનનો પારો ઉપર ચડે તેવી આગાહી કરવામાં આવી છે.

# અમરેલીમાં દેશી તમંચા સાથે યુવક પકડાયો

અમરેલી, તા.૨૨

અમરેલીમાં તારવાડી રોડ, તુરેબાદશાહની દરગાહ પાસેથી એક યુવક દેશી તમંચા સાથે ઝડપાયો હતો. મુનીરભાઈ અલીભાઈ ખુલાગી (ઉ.વ.૪૦) દેશી તમંચા સાથે ઝડપાયો હતો.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. વી.લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# માવજીંજવા ગામેથી શાકભાજી વિક્રેતાનો મોબાઈલ ચોરાયો

બગસરા, તા.૨૨

બગસરાના માવજીંજવા ગામેથી શાકભાજી વેચવાનો ધંધો કરતાં પુરુષનો મોબાઈલ ચોરાયો હતો. બનાવ અંગે બાલુગીરી હિરાગીરી ગૌસ્વામી (ઉ.વ.૬૪) એ જાહેર કર્યા મુજબ, અજાણ્યો ઈસમ ૧૦-૦૪-૨૦૨૪ના રોજ તેમની શાકભાજીની દુકાનેથી મોબાઈલ ચોરીને ફરાર થઈ ગયો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ.મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# ભેંસાણીયા પરિવાર લેઉવા પટેલ સેવા સમાજ ભેંસાણ દ્વારા નવચંડી યજ્ઞનું આયોજન કરાયું



ભેંસાણ, તા.૨૨

જૂનાગઢ જિલ્લાના ભેંસાણ ગામે જય ખોડિયાર ભેંસાણીયા પરિવાર લેઉવા પટેલ સેવા સમાજ, હનુમાનપરા ભેંસાણ દ્વારા માતાજીના નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભેંસાણીયા પરિવારના ભાઈઓ, બહેનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાત્રે રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, આ યજ્ઞમાં અલગ અલગ ગામ અને શહેરમાં વસતા ભેંસાણીયા પરિવારના લોકોએ કુળદેવીના દર્શન કરી પ્રસાદ આરોગીને ધન્યતા અનુભવી હતી. ગોપાલભાઈ ભેંસાણીયાએ જણાવ્યું હતું કે આ સંસ્થા દ્વારા પરિવારમાં એકતા આવે, વડીલો અને યુવાનો વચ્ચે જનરેશન ગેપ ઓછો થાય તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી તમામ પ્રકારની મદદ કરી શકાય તે હેતુથી આ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

તંત્રી લેખ

## ડિજિટલ પેમેન્ટમાં ફ્રોડ સામે સાયબર સિક્યોરિટી

વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે આર્થિક વ્યવહાર એકદમ સરળ બની ગયા છે. કોઈપણ માણસ આજે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને બેન્કિંગ વ્યવહાર કરી શકે છે પણ આ સરળતાને કારણે જ આ નવી આધુનિક સિસ્ટમમાં ફ્રોડ થવાની ઘટનાઓ દિવસે દિવસે વધી રહી છે જે ચિંતાનો સૌથી મોટો વિષય છે. ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના કિસ્સા વધ્યા છે ત્યારે ભારતીય વ્યવસાયો સાયબર સિક્યોરિટી પર વધુ ભાર મૂકી રહ્યા છે. આના લીધે કેવાયસી વેરિફિકેશન, રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ અને તેના સંબંધિત પગલાં લેવાયા છે. વપરાશકર્તાના સંતોષને વધારવા તથા નિર્ણયો લેવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે કંપનીઓ દ્વારા એઆઈનો ઉપયોગ કરાશે તેમ કેશ ફ્રી પેમેન્ટ્સના સીઈઓ આકાશ સિન્હાએ જણાવ્યું હતું. ભારતમાં ડિજિટલ પેમેન્ટ્સની વૃદ્ધિને કોણ આગળ લઈ જઈ રહ્યું છે? આ સેક્ટરના મહત્ત્વના ટ્રેન્ડ્સ પણ જણાવો. યુપીઆઈ અને ક્યુઆર કોડ જેવી સરકારી પહેલોએ ઓનલાઈન ડિજિટલ વ્યવહારો અપનાવવા માટે પ્રોત્સાહન આપ્યું છે અને ફિનટેક ક્ષેત્રને ફૂલવા-ફાલવા માટે સાનુકૂળ માહોલ પૂરો પાડ્યો છે જેના લીધે સમગ્ર ઈકો સિસ્ટમ વધુ સમાવેશક બની છે. ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના કિસ્સા વધ્યા છે ત્યારે ભારતીય વ્યવસાયો સાયબર સિક્યોરિટી પર વધુ ભાર મૂકી રહ્યા છે. આના લીધે કેવાયસી વેરિફિકેશન, રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ અને તેના સંબંધિત પગલાં લેવાયા છે. આખરે, વપરાશકર્તાના સંતોષને વધારવા તથા નિર્ણયો લેવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે કંપનીઓ દ્વારા એઆઈનો ઉપયોગ કરાશે.

ગ્રાહકોમાં વિશ્વાસ કેળવવા માટે ડિજિટલ સિક્યોરિટી કેવી રીતે સુનિશ્ચિત થઈ શકે? સુરક્ષિત અને સલામત ડિજિટલ વ્યવહારો માટે ઈકો સિસ્ટમને બનાવવી તથા સતત મજબૂત કરવી અનિવાર્ય છે. ભારતીય ફિનટેક કંપનીઓએ રિસ્ક મેનેજમેન્ટ સોલ્યુશન્સ ઊભા કરવા જોઈએ જે છેતરપિંડીભર્યા વ્યવહારો મેનેજ કરવા તથા તેમાં નિયંત્રણ લાવવા તેમજ સાયબર ક્રાઈમને નાથવા માટે વ્યવસાયોને સશક્ત બનાવે. વાસ્તવમાં, એઆઈ અને મશીન લર્નિંગ (એમએસ) ઈન્ટિગ્રેશન્સે છેતરપિંડીને પકડી પાડવામાં, નાણાંકીય નુકસાન ઘટાડવા તથા ગ્રાહકોનો વિશ્વાસ વધારવામાં સફળતા મેળવી છે. આવી સિસ્ટમ્સનો લાભ લઈને ઈન્ટેલિજન્ટ સોલ્યુશન્સ ઊભા કરવા જોઈએ જેથી ઊભરતી સલામતીની કેશ ફ્રી પેમેન્ટ્સ ઈકો સિસ્ટમમાં પ્રદાન કરી રહી છે? - ભારત વ્યવસાયો માટે ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં શિરમોર છે. અનેક ઈન્ડસ્ટ્રી-ફર્સ્ટ પ્રોડક્ટ્સને ઓળખવા તથા રજૂ કરવાના પ્રયાસોએ ફિનકેટક ઈકો સિસ્ટમની વ્યાખ્યા કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. ડિજિટલ પેઆઉટ સોલ્યુશન તરીકે શરૂઆત કરીને એન્ડ ટુ એન્ડ પેમેન્ટ પ્રોવાઈડર સુધી આગળ વધીને ૬,૦૦,૦૦૦થી વધુ વ્યવસાયો માટે અત્યંત વિશ્વસનીય પેમેન્ટ ટેક્નોલોજી પ્લેટફોર્મ તરીકે ઊભરી આવ્યું છે.

# સંકટ મોચન હનુમાનજી મહારાજ ક્યારે કૃપા કરે?

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

હનુમાનજી મહારાજ રુદ્ર અવતાર છે તેઓ રામા અવતારમાં પણ હતા અને કૃષ્ણ અવતારમાં પણ હતા અને આજની તારીખે પણ તે ભક્તોના દુ:ખ દૂર કરે છે. જરૂર છે માત્ર સાચા દિલથી તેની ભક્તિ કરવાની. તે ભક્ત વત્સલ છે. હનુમાન જયંતીના દિવસે માનવીએ અમુક ભૂલ ન કરવી જોઈએ નહીં તો બજરંગબલીની સાથે શનિદેવ પણ ક્રોધિત થઈ જશે. હનુમાનજી મહારાજ ભાંગ્યાના ભેરુ છે, સંકટ મોચન છે, દયાળુ દેવ છે જ્યારે શનિદેવ ખોટા, કપટી અને કાવાદાવા કરનાર માણસ વચ્ચે અતિશય કુરતાથી વર્તે છે. પરંતુ જે માનવી સાચા છે, નિષ્ઠાવાન છે, કોઈ પાસે કશું માંગતા નથી માત્ર પોતાની ફરજ નિભાવે છે અને દુ:ખ સહન કરે છે પરંતુ સતનો માર્ગ મુકતા નથી તેવા લોકો માટે શનિદેવ અતિશય દયાળુ છે અને તેના પર પૂર્ણ કૃપા કરે છે. શનિવાર બંને દેવો માટેનો સર્વોત્તમ વાર છે. ભાવનગરમાં આવેલા રૂખડિયા હનુમાન મહારાજ એવા દેવ છે જે ભક્તોની મનોકામના તુરત પૂર્ણ કરે છે. રૂખડિયા હનુમાન મહારાજ ૪૫૦ વર્ષથી અહીં બિરાજમાન છે અને તે વિરાસનમાં છે અહીં હનુમાનજી મહારાજને ગાંઠિયા ધરવામાં આવે છે. રૂખડીયા હનુમાનના અનેક પરચાઓ પ્રસિદ્ધ છે. હનુમાન જયંતીના દિવસે ઉપવાસ અને પૂજા કરવાથી ભક્તોની મુશ્કેલી ચોક્કસ દૂર થાય. ભક્તો સંકટ નિવારકના આશીર્વાદ મેળવે છે. પરંતું આ દિવસે કયા કામ કરવાથી બચવું જોઈએ તે જાણવું જરૂરી છે બાકી હનુમાનજી મહારાજની કથાઓ તો સૌ અનુભવી શકે છે પરંતુ તેની કૃપા મેળવવાના રસ્તા જાણવા આજની તારીખે ખાસ જરૂરી છે. હનુમાન જયંતીનો પવિત્ર તહેવાર ૨૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ ઉજવવામાં આવશે. હનુમાનજીનો જન્મ ચૈત્ર શુક્લ પૂર્ણિમાના દિવસે થયો હતો અને તેથી જ દર વર્ષે આ તિથિએ હનુમાન જયંતી ઉજવવામાં આવે છે. સંકટમોચનની પૂજા કરવાથી ભક્તો તેમના આશીર્વાદ મેળવે છે, પરંતુ કેટલીક એવી પ્રવૃત્તિઓ છે જે તમારે આ દિવસે કરવાથી બચવું જોઈએ. જો તમે આ કામ કરો છો તો માત્ર હનુમાનજી જ નહીં પરંતુ શનિદેવ પણ તમારાથી નારાજ થઈ શકે છે. હનુમાનજી બ્રહ્મચારી છે અને ભગવાન ઈચ્છે છે કે તેમના ભક્તો ખાસ દિવસોમાં તેમના જેવું વર્તન કરે. તેથી, જો તમે ઈચ્છો છો કે હનુમાનજી તમારાથી નારાજ ન થાય, તો તમારે હનુમાન જયંતીના દિવસે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. જો તમે ઈચ્છો છો કે હનુમાનજીના આશીર્વાદ તમારા પર વરસે તો હનુમાન જયંતીના દિવસે માંસ, દારૂ અને વેર વાળી વસ્તુઓનું સેવન ન કરો. હનુમાન જયંતીના દિવસે તમારે તમારી આસપાસના વાતાવરણ અને મનને શુદ્ધ રાખવું જોઈએ અને ગુસ્સો કરવાથી બચવું જોઈએ. જો તમારા મનમાં કોઈના પ્રત્યે ખરાબ વિચાર આવે છે તો હનુમાનજી તમારાથી નારાજ થઈ શકે છે. આ દિવસે તમારે ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરવો જોઈએ. તમારે હનુમાનજીની પૂજા દરમિયાન ચરણામૃતનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ અને પૂજા સ્થાન પર હનુમાનજીની તૂટેલી પ્રતિમા અથવા ફાટેલી તસવીર પણ ન રાખવી જોઈએ. જો તમે આ દિવસે તમારા માતા-પિતા, શિક્ષક અથવા વડીલોનું અપમાન કરો છો, તો તમે હનુમાનજીના આશીર્વાદથી વંચિત રહી શકો છો. જો તમે આ દિવસે ભગવાન હનુમાનની પૂજા કરવા અથવા વ્રત રાખવા જઈ રહ્યા છો, તો ભગવાન રામનું ધ્યાન કરવાનું ભૂલશો નહીં. આ દિવસે હનુમાનજીની પૂજા કરવાની સાથે ભગવાન રામની પણ પૂજા કરવી જોઈએ. જો તમે આ દિવસે હનુમાનજીની મૂર્તિ સાથે રામજીની પૂજા નહીં કરો તો તમે હનુમાનજીના આશીર્વાદથી વંચિત રહી જશો. હનુમાનજીએ એક વખત શનિદેવને રાવણના કેદમાંથી મુક્ત કરાવ્યા હતા અને તેમના શરીરના દુ:ખાવાથી રાહત મેળવવા માટે તેમના શરીર પર સરસવનું તેલ પણ લગાવ્યું હતું. આનાથી શનિદેવને ઘણી રાહત થઈ અને તેમણે હનુમાનજીને વચન આપ્યું કે, હું તમારા ભક્તો પર ક્યારેય ક્રૂર નજર નહીં નાખુ અને તમારા કોઈપણ ભક્ત જે મને સરસવનું તેલ ચડાવશે તેના તમામ દુ:ખો હું દૂર કરીશ. અહીં જો સરસવનું તેલ ન મળે તો બીજું કોઈ પણ તેલ ચાલી શકે છે. શનિદેવને જે તેલ ચઢાવો તે શનિવારે ચડાવો અને તેમાં કાળા તલ નાખવા જરૂરી છે જેથી તેનું ફળ તાત્કાલિક મળે. જો તમે હનુમાન જયંતીના દિવસે કંઈક એવું કરો છો જેનાથી હનુમાનજી ગુસ્સે થાય, તો તમે પણ શનિદેવની ક્રૂર નજરનો શિકાર બની શકો છો. આ સાથે જ તમારે હનુમાન જયંતીના દિવસે લોખંડની ખરીદી ન કરવી જોઈએ કે કાળા કપડા ન પહેરવા જોઈએ, જો કે આ બંને વસ્તુઓ શનિદેવને પ્રિય છે પરંતુ હનુમાનજીને આ વસ્તુઓ પ્રિય નથી. તેથી, આ દિવસે કાળા કપડા પહેરીને અને લોખંડની વસ્તુઓ ખરીદવાથી તમે હનુમાનજી અને શનિદેવ બંનેને નારાજ કરી શકો છો. હિંદુ ધર્મમાં દર વર્ષે ચૈત્ર મહિનાની શુક્લની પૂર્ણિમાની તિથિએ હનુમાન જયંતી ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમથી ઉજવવામાં આવે છે કારણ કે આ દિવસે હનુમાનજીનો જન્મ થયો હતો. આ વર્ષે હનુમાન જયંતી ૨૩ એપ્રિલ ૨૦૨૪ મંગળવારના રોજ ઉજવવામાં આવશે. હનુમાન જયંતીને 'હનુમાન જન્મોત્સવ' કહેવું વધુ યોગ્ય રહેશે કારણ કે એવું માનવામાં આવે છે કે બજરંગબલી હજુ પણ પૃથ્વી પર છે. આજે પણ તેઓ દરેકની સમસ્યાઓનું નિરાકરણ કરે છે તેથી તેમને સંકટમોચનના નામથી પણ ઓળખવામાં આવે છે. હનુમાન જન્મોત્સવના અવસર પર દર વર્ષે બજરંગબલીની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે. મંદિરોમાં અનેક શુભ માંગલિક કાર્યક્રમો પણ કરવામાં આવે છે અને લોકો પોતાની મનોકામનાઓ પૂર્ણ કરવાની કામના કરે છે. જો તમે હનુમાન જન્મોત્સવના દિવસે મંદિરમાં જઈને હનુમાનજીની પૂજા કરી શકતા નથી. તો તમે ઘરે બેસીને કેટલાક નિયમોનું પાલન કરીને પણ પૂજા કરી શકો છો. હનુમાન જન્મોત્સવ તિથિ પંચાંગ પ્રમાણે ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમા તિથિ ૨૩ એપ્રિલના રોજ સવારે ૩:૨૫ વાગ્યાથી શરૂ થશે અને ૨૪ એપ્રિલના રોજ સવારે ૫:૧૮ વાગ્યે સમાપ્ત થશે. તેથી આ વર્ષે હનુમાન જયંતી ૨૩ એપ્રિલ ૨૦૨૪ મંગળવારના દિવસે ઉજવવામાં આવશે.




હનુમાન જન્મોત્સવ પૂજાનું આ શુભ મુહૂર્ત છે. હનુમાનજીની પૂજા કરવા માટેનું શુભ મુહૂર્ત ૨૩ એપ્રિલના રોજ સવારે ૯:૦૩ વાગ્યાથી ૧૦:૪૧ સુધી રહેશે. બ્રહ્મ મુહૂર્ત ૨૩ એપ્રિલના રોજ સવારે ૪:૨૦ વાગ્યાથી ૦૫:૦૪ વાગ્યા સુધી રહેશે. આ શુભ મુહૂર્તમાં સ્નાન કરવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. હનુમાન જયંતીના દિવસે અભિજીત મુહૂર્ત સવારે ૧૧:૫૩ વાગ્યાથી ૧૨:૪૬ વાગ્યા સુધી રહેશે.

હનુમાનજીની પૂજા વિધિ

હનુમાન જન્મોત્સવના દિવસે જે લોકો વ્રત રાખે છે તેમણે આખો દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવું પડશે. આ દિવસે સવારે બ્રહ્મ મુહૂર્તમાં ઉઠીને ભગવાન શ્રી રામ, માતા સીતા અને હનુમાનજીનું સ્મરણ કરવું અને વ્રતનો સંકલ્પ લેવો. ઘરમાં પૂજા સ્થાન પર હનુમાનજીની મૂર્તિ સ્થાપિત કરવી અને વિધિ પૂર્વક પૂજા કરવી. હનુમાનજીને શુદ્ધ જળથી સ્નાન કરાવવું. ત્યારબાદ સિંદૂર અને ચાંદીના વરખ સાથે અબીલ, ગુલાલ, ચંદન અને ચોખા ચઢાવવા.

આ પછી સુગંધિત ફૂલ અને ફૂલની માળા અર્પણ કરવી અને નારિયેળ ચઢાવવું. ત્યારબાદ કેવડા કે પછી અન્ય સુગંધિત અત્તર લગાવવું. હનુમાનજીની મૂર્તિના હૃદયના ભાગ પર ચંદનથી શ્રી રામ લખવું. તેવી જ રીતે શ્રદ્ધા પૂર્વક તમે જે પણ અર્પણ કરવા માંગો છો તે અર્પણ કરી શકો છો. હનુમાનજીની પૂજા કર્યા બાદ ચાલીસા અથવા સુંદરકાંડનો પાઠ કરવો. જો તમે તેમ ન કરી શકો તો ફક્ત શ્રી રામના નામનો જપ કરવો.અંતમાં હનુમાનજીને નૈવેદ્ય ચઢાવીને આરતી કરવી અને લોકોમાં પ્રસાદ વહેંચવો. હનુમાન જન્મોત્સવનું મહત્વ જેવું તેવું નથી. હિન્દુ ધર્મમાં હનુમાન જયંતીનું વિશેષ મહત્વ છે. આ પર્વને શક્તિ, ભક્તિ અને નિષ્ઠાનું પ્રતીક માનવામાં આવે છે. આ દિવસે ભગવાન હનુમાનની વિધિ-વિધાનથી પૂજા કરવાથી વ્યક્તિને તમામ પ્રકારના દુ:ખોમાંથી મુક્તિ મળે છે અને સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. આ સાથે જ ભગવાન શ્રી રામ પણ પ્રસન્ન થાય છે અને કુંડળીમાં મંગળની સ્થિતિ મજબૂત બને છે. એવું માનવામાં આવે છે કે ભગવાન હનુમાનનો જન્મ સૂર્યોદયના સમયે થયો હતો. આ કારણે આ દિવસે બ્રહ્મ મુહૂર્તમાં ઉઠીને તમામ કામમાંથી નિવૃત્ત થઈને સ્નાન વગેરે કરીને હનુમાનજીની વિધિવત પૂજા કરવામાં આવે છે. તેની સાથે જ હનુમાન ચાલીસા, મંત્ર વગેરેનો પાઠ કરવાથી તેઓ જલ્દી પ્રસન્ન થઈ જાય છે.

## શબ્દ સંજોગ-૧૭૮૯



**આડી ચાવી :**
(૧) પત્નીનો ભાઈ (૨)
(૨) નાના છોકરાને થતો એક રોગ (૩)
(૪) વ્યાકુળ,અસ્થિર (૨)
(૬) એક ફૂલ (૩)
(૮) ક્ષમા,શાંતિ (૨)
(૧૦) સારું,યોગ્ય (૨)
(૧૧) પગ,પાય (૩)
(૧૩) પ્રલય,લીનતા (૨)
(૧૫) શહેર (૨)
(૧૭) એક રાશિ (૩)
(૧૮) સંભાળ,સાચવણી (૩)
(૨૦) ઘોડાની એકધારા વેગવાળી ચાલ (૩)
(૨૨) કોઈને મારી નાખવા રોકેલા માણસો (૨)
(૨૩) ઔષધ કચરવાનો ખાડાવાળો ઘડેલો પથરો (૨)
(૨૪) ખાદ્યનું માંસપોષક એક તત્વ (૪)
(૨૫) પરાજય (૨)
(૨૬) પાસું,પડખું (૨)
(૨૭) અતિશય,ઘણું (૨)
(૨૮) રાજસ્થાનના આ સ્થળે પ્રથમ અણુધડાકો કરવામાં આવ્યો હતો (૪)
(૨૯) આનું અથાણું સ્વાદિષ્ટ લાગે (૪)

**ઊભી ચાવી :**
(૧) ભાવાર્થ,મતલબ (૩)
(૨) વર તરફથી અપાતુ લગ્નની ખુશાલીનું જમણ (૩)
(૩) રાજસ્થાનનું એક શહેર (૫)
(૫) લેવું -પકડવું તે,સમજ (૩)
(૭) ..... ને આંચ નહીં (૨)
(૯) પહેલવાન,કુસ્તીબાજ (૨)
(૧૨) ખેલ,ક્રીડા (૩)
(૧૪) જોડકું (૩)
(૧૬) સોનાચાંદીનું સાવ પાતળું પડ (૩)
(૧૮) સાપની કાંચળી (૨)
(૧૯) મોટી નદીમાંથી ખોદલો કાંસ (૩)
(૨૧) એક કઠોળ (૨)
(૨૨) આબરૂ,પ્રતિષ્ઠા (૨)
(૨૪) પવિત્ર કરવા મંત્રપૂર્વક પાણી છાંટવું તે (૩)
(૨૫) એક પ્રખ્યાત સખાવતી આરબ (૩)
(૨૬) હાથ,ટેક્ષ (૨)
(૨૭) પૈડાંનો આરો (૨)

## શબ્દ સંજોગ-૧૭૮૮ જવાબ

**આડી ચાવી :**(૧) જેવા સાથે તેવા (૬) આમ (૮) સવાલ (૯) જામનગર (૧૧) શબનમ (૧૨) મેલમૂક (૧૪) નરમ (૧૬) રફ (૧૭) મહ (૧૯) ડબીર (૨૧) રકમ (૨૨) કફ (૨૩) ફરણી (૨૫) ણીવા (વાણી) (૨૭) માફ (૨૮) તાજ (૩૦) નડતર (૩૧) કાસવાસ.
**ઊભી ચાવી :** (૧)જેસલમેર (૨) વાવા (૩) સાલ (૪) તેજાબ (૫) વામન (૬) આગ (૭) મરહુમ (૧૦) નમન (૧૧) શક (૧૩) લફડફફડ (૧૫) રચામણી (૧૮) હરણી (૨૦) રફતાર (૨૨) કમાન (૨૪) રજ (૨૬) વાયસ (૨૯) ભસ.

# માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૬૧ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૫૯ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૯૦ |
| જુવાર લાલ | ૭૫૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૩૯૦ | ૪૫૬ |
| તુવેર | ૧૫૦૦ | ૨૩૮૬ |
| ચણા પીળા | ૧૦૯૦ | ૧૨૧૦ |
| ચણા સફેદ | ૧૬૫૦ | ૨૨૮૦ |
| અડદ | ૧૫૦૦ | ૨૦૦૯ |
| મગ | ૧૪૫૨ | ૨૦૫૪ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૨૦૫૦ |
| વાલ પાપડી | ૧૬૦૦ | ૨૧૫૧ |
| ચોળી | ૨૭૦૦ | ૨૯૦૧ |
| મઠ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| વટાણા | ૧૧૧૦ | ૧૬૭૫ |
| સીંગદાણા | ૧૫૭૫ | ૧૬૫૦ |
| મગફળી જાડી | ૧૧૨૦ | ૧૨૯૩ |
| મગફળી જીણી | ૧૧૧૦ | ૧૨૪૫ |
| અળશી | ૭૦૦ | ૭૦૦ |
| તલી | ૨૦૦૦ | ૨૭૦૭ |
| સુરજમુખી | ૬૫૧ | ૬૫૧ |
| એરંડા | ૧૦૧૦ | ૧૧૧૦ |
| અજમો | ૯૦૦ | ૨૨૦૦ |
| સુવા | ૯૯૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૮૭૬ | ૮૯૦ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૫૨૫ |
| કાળા તલ | ૨૯૫૦ | ૩૧૭૫ |
| લસણ | ૧૨૮૦ | ૩૦૫૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૭૫૧ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૩૫૦ | ૨૦૨૧ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૪૦ |
| જીરૂ | ૩,૬૨૫ | ૪,૩૫૦ |
| રાય | ૧૧૪૦ | ૧,૩૬૦ |
| મેથી | ૯૫૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૨૧૦૦ |
| અશેરીયો | ૧૧૦૦ | ૧૩૫૦ |
| કલોંજી | ૩૩૦૦ | ૩૯૨૧ |
| રાયડો | ૮૭૦ | ૯૮૪ |
| રજકાનું બી | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ગુવારનું બી | ૧૦૧૧ | ૧૦૧૧ |

**રાજકોટ(શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૨૦૦ | ૨૮૦૦ |
| શક્કરટેટી | ૨૫૦ | ૫૦૦ |
| તરબુચ | ૧૫૦ | ૩૦૦ |
| બટેટા | ૩૫૦ | ૬૧૧ |
| ડુંગળી સુકી | ૮૦ | ૩૦૦ |
| ટમેટા | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| શક્કરિયા | ૨૫૦ | ૪૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૫૦ | ૬૫૦ |
| ગુવાર | ૫૦૦ | ૯૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૨૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૩૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૬૫૦ | ૯૦૦ |
| કાકડી | ૨૫૦ | ૫૦૦ |
| ગાજર | ૧૬૦ | ૨૫૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૫૦ | ૫૦૦ |
| બીટ | ૧૨૦ | ૨૫૦ |
| મેથી | ૩૦૦ | ૬૫૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૨૦ |
| આદુ | ૧૮૫૦ | ૨૧૩૦ |
| મરચા લીલા | ૩૫૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૨૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૩૦ |
| ગુંદા | ૪૦૦ | ૭૦૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| કપાસ | ૯૯૫ | ૧૫૦૩ |
| શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૧૮૮ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૧૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૫૭૧ |
| તલ સફેદ | ૨૨૩૦ | ૨૭૯૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૧૦૨ |
| બાજરો | ૩૬૫ | ૫૦૮ |
| જુવાર | ૪૫૫ | ૭૯૦ |
| ઘઉં ટુકડા | ૪૪૩ | ૬૨૩ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૭૫ |
| મકાઇ | ૫૯૦ | ૫૯૦ |
| ચણા | ૯૫૦ | ૧૨૧૭ |
| ચણા દેશી | ૧૦૬૫ | ૧૩૩૨ |
| તુવેર | ૧૨૭૫ | ૧૮૧૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૯૦ |
| જીરું | ૨,૫૦૦ | ૪,૩૫૦ |
| રાયડો | ૮૫૦ | ૯૩૫ |
| રાઈ | ૯૪૦ | ૧૧૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ધાણી | ૧૨૦૦ | ૨૧૯૦ |
| અજમા | ૨૨૦૦ | ૩૦૦૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૧૫ |
| સોયાબીન | ૮૩૬ | ૮૮૨ |
| મરચા લાંબા | ૭૩૦ | ૫૬૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૪૫૦ | ૫૧૦ |
| રીંગણાં | ૫૦૦ | ૬૧૦ |
| ફુલાવર | ૧૫૦ | ૨૧૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૦૦ |
| શક્કરિયા | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૨૮૦ | ૩૪૦ |
| સુરણ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૫૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કરેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ચોળાશીંગ | ૮૨૦ | ૯૨૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૨૪૪૦ | ૨૬૪૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૨૦ | ૫૨૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૬૦ | ૨૬૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૧૩૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૩૧૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૩૩૦ |
| લસણ લીલું | ૨૬૦૦ | ૨૮૦૦ |
| લસણ સૂકું | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૨૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૪૨૦ | ૫૨૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૦ | ૧૪૮૧ |
| મગફળી નવી | ૧૨૨૮ | ૧૨૨૮ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૨૧૧ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૪૫ |
| તલ | ૨૫૦૦ | ૨૭૭૦ |
| જીરૂ | ૨,૭૬૦ | ૪,૩૭૦ |
| ઘઉં | ૪૪૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૬૫ |
| બાજરો | ૪૨૫ | ૫૦૬ |
| જુવાર | ૪૦૦ | ૭૦૧ |
| મકાઈ | ૫૭૬ | ૫૭૬ |
| ચણા | ૧૦૭૦ | ૧૨૩૪ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૮૦૦ | ૨૨૦૦ |
| એરંડા | ૯૦૦ | ૧૦૭૦ |
| મેથી | ૮૫૦ | ૯૯૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૮૧૨ | ૮૧૨ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૭૮ | ૧૫૨૨ |
| મગફળી | ૧૦૭૫ | ૧૧૭૫ |
| ઘઉં | ૪૮૩ | ૫૫૭ |
| ચણા | ૧૧૬૮ | ૧૨૧૨ |
| જીરૂ | ૩૯૪૯ | ૪,૩૫૧ |
| ધાણા | ૧૩૯૦ | ૧૫૩૦ |
| મેથી | ૯૧૦ | ૯૯૦ |
| એરંડા | ૯૮૫ | ૧૦૫૫ |
| રાઈ | ૧૦૧૦ | ૧૦૯૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૩૫૨ |
| મગફળી | ૧૦૭૬ | ૧૨૫૯ |
| ઘઉં | ૪૪૨ | ૫૦૪ |
| ચણા | ૧૧૫૬ | ૧૧૯૧ |
| ચણા છોલે | ૧૫૧૫ | ૧૫૧૫ |
| તુવેર | ૧૫૩૦ | ૨૦૪૧ |
| ધાણા | ૧૨૦૫ | ૧૩૮૬ |
| મેથી | ૯૭૫ | ૧૦૦૦ |
| એરંડા | ૧૦૮૧ | ૧૦૮૨ |
| સોયાબીન | ૮૨૬ | ૮૫૩ |
| મગ | ૧૮૯૯ | ૧૮૯૯ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૧૦૦૦ | ૧૧૯૧ |
| શીંગ જી-૨૦ | ૧૫૬૨ | ૧૫૬૨ |
| એરંડા | ૪૮૯ | ૧૦૬૧ |
| જુવાર | ૪૨૦ | ૯૪૯ |
| બાજરી | ૩૫૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૬૮૦ |
| મગ | ૧૭૪૭ | ૧૭૪૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૮ |
| તલ | ૨૩૦૦ | ૨૬૫૩ |
| તુવેર | ૨૦૩૨ | ૨૦૩૨ |
| ડુંગળી લાલ | ૧૧૫ | ૧૧૪૭ |
| ડુંગળી સફેદ | ૨૨૩ | ૨૮૯ |
| કપાસ શંકર | ૬૮૫ | ૧૪૧૬ |
| નાળીયેર | ૫૦૭ | ૧૬૬૬ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૮ |
| તુવેર | ૧૮૦૦ | ૨૨૦૧ |
| મગફળી | ૮૦૦ | ૧૧૮૦ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૩૫૦ |
| એરંડા | ૯૦૦ | ૧૦૬૬ |
| મેથી | ૭૦૦ | ૯૦૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૪,૧૫૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૯૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૫૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૫૦૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૫૧ |
| મગફળી જીણી | ૯૪૧ | ૧૫૦૧ |
| સિંગ ફાડીયા | ૮૪૧ | ૧૫૮૧ |
| એરંડા/એરંડી | ૯૫૧ | ૧૧૩૧ |
| તલ કાળા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૫૩૧ |
| કલંજી | ૧૬૫૧ | ૩૯૨૧ |
| વરીયાળી | ૯૯૧ | ૧૧૫૧ |
| ધાણા | ૯૫૧ | ૧૮૨૬ |
| મરચા સૂકા | ૫૦૧ | ૪૮૦૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૭૧ |
| અડદ | ૧૦૮૧ | ૧૯૭૧ |
| તુવેર | ૧૦૧૧ | ૨૩૬૧ |
| રાયડો | ૯૫૧ | ૯૭૧ |
| રાય | ૧૧૦૧ | ૧૧૭૧ |
| મેથી | ૫૦૦ | ૧૨૨૧ |
| કાંગ | ૫૦૦ | ૧૦૫૧ |
| સુરજમુખી | ૭૦૧ | ૭૦૧ |
| મગફળી જાડી | ૮૭૧ | ૧૩૬૧ |
| સફેદ ચણા | ૧૨૫૧ | ૨૧૨૧ |
| તલ – તલી | ૧૦૦૦ | ૨૭૬૧ |
| ઇસબગુલ | ૭૦૦ | ૨૦૨૬ |
| ધાણી | ૧૦૫૧ | ૨૧૫૧ |
| મરચા સૂકા | ૬૦૧ | ૨૭૫૧ |
| ડુંગળી સફેદ | ૨૧૦ | ૨૬૪ |
| બાજરો | ૩૮૧ | ૪૬૧ |
| જુવાર | ૩૮૧ | ૭૬૧ |
| મકાઇ | ૪૬૧ | ૪૬૧ |
| મગ | ૧૨૦૧ | ૨૧૨૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૧૬ |
| વાલ | ૫૦૧ | ૨૧૬૧ |
| વાલ પાપડી | ૨૦૮૧ | ૨૦૮૧ |
| ચોળા/ચોળી | ૬૭૬ | ૨૦૭૬ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૧ |
| અજમાં | ૬૦૦ | ૬૦૦ |
| ગોગળી | ૭૨૧ | ૧૨૨૧ |
| વટાણા | ૧૫૫૧ | ૧૫૭૬ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૪૬૨ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ | ૨૬૦૦ | ૨૭૭૦ |
| બાજરો | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૫ |
| જુવાર | ૫૦૦ | ૮૧૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૨૦૭૧ | ૨૦૭૧ |
| ચણા | ૬૫૦ | ૧૨૦૫ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| એરંડા | ૯૭૬ | ૧૦૫૧ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૧૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૮૬ | ૧૪૭૦ |
| મગફળી | ૮૨૫ | ૧૧૩૬ |
| ઘઉં | ૫૬૫ | ૫૬૫ |
| જીરૂ | ૩૫૧૧ | ૪૦૨૫ |
| ચણા | ૧૧૮૯ | ૧૨૦૧ |
| બાજરી | ૪૦૦ | ૪૫૫ |
| જુવાર | ૭૨૦ | ૭૨૦ |
| ધાણા | ૧૨૬૦ | ૧૨૬૦ |
| તલ સફેદ | ૨૬૭૧ | ૨૬૭૧ |
| એરંડા | ૧૦૩૯ | ૧૦૯૦ |
| મેથી | ૯૮૬ | ૯૮૬ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**હજારો હનુમાન ભક્તોનું ભુરખીયા સુધી પદયાત્રાથી પ્રયાણ, પદયાત્રીઓ માટે ઠેર-ઠેર સ્ટોલ ઉભા કરાયા**

# જિલ્લામાં આજે હનુમાન જન્મોત્સવની ઉજવણી થશે

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં આજરોજ હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. હનુમાન જયંતીના દિવસે જિલ્લાના વિવિધ સ્થળોએ હનુમાન મંદિરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. હનુમાન જયંતીને લઈ હનુમાન ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચૈત્રી પૂનમના દિવસે દાદાનો પ્રાગટ્ય દિવસ છે, ત્યારે અમરેલી જિલ્લામાં આવેલા લાઠી તાલુકાના ભુરખીયા હનુમાનજી મંદિરમાં હનુમાન જયંતી ધામધૂમથી ઉજવાય છે અને આગલા દિવસે રાત્રીથી જ હજારો યાત્રિકો પગપાળા ચાલીને આવે છે. અંદાજે બે લાખ યાત્રિકો દાદાના દર્શનનો લાભ લે છે. ભીડને પહોંચી વળવા અમરેલી જીલ્લાના દરેક તાલુકા મથકેથી પોલીસ તૈનાત કરવામાં આવે છે. આ ઉપરાંત અહીં પાંચ દિવસથી તડામાર તૈયારીઓ થઈ રહી હતી. રોશનીથી શણગારેલા મંદિરનો ઝગમગાટ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. મોડી રાતથી જ આસપાસના ભાવિકો અહીં સેવા કરવા માટે આવી પહોંચ્યા છે. દાદાના દર્શને લાખોની સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા છે. અમરેલી જિલ્લા ઉપરાંત સૌરાષ્ટ્ર ભરના જિલ્લામાંથી લોકો અહીં દર્શન કરવા માટે આવી રહ્યા છે. હનુમાન જયંતી નિમિત્તે અલગ અલગ વિસ્તારમાંથી દર્શનાર્થીઓ દિવસ ભર મોડી રાત સુધી ઉમટી પડતા હોવાથી કોઈપણ યાત્રિકો પ્રસાદમાં બાકી ન રહે તેના માટે બપોરના અને સાંજના મહાપ્રસાદ માટે ટ્રસ્ટ દ્વારા મોહનથાળ, ગુંદી, ગાંઠીયા સહિત પૂર્વ તૈયારી કરી દેવામાં આવી છે.



ભુરખીયા દાદાનું ૧૬૪૨ માં સ્વયંભૂ પ્રાગટ્ય રામાનંદી સાધુ સંતોની ઉપસ્થિતિમાં થયું હતું જેના અંદાજે ૪૩૮ વર્ષ થવા જઈ રહ્યા છે ત્યારે ભુરખીયા હનુમાન મંદિર એક આસ્થાનું કેન્દ્ર બની રહ્યું છે. જો કે જિલ્લાના તમામ તાલુકા મથકોએ અને ગ્રામ્ય મથકોએ હનુમાન મંદિરે પણ શણગાર કરવામાં આવ્યો છે. હનુમાન જન્મોત્સવની ઉજવણી કરવા માટે ભાવિક ભક્તોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે.

### અનેક સ્થળોએ મારૂતી યજ્ઞનું આયોજન

હનુમાન જયંતીને લઈ અમરેલી સહિત અન્ય શહેરોમાં મારૂતી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ છે સાથોસાથ સુંદરકાંડના પાઠનું પણ આયોજન કરવામાં આવ્યું છે. હનુમાન જયંતીના દિવસે આસપાસના હનુમાન મંદિરે હનુમાન ભક્તો દ્વારા પદયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે તો અમુક ગામોમાં સમૂહપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે તેમજ બટુકભોજન સાથે હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે.

## બગસરામાં વધુ એક કોંગ્રેસી આગેવાન ભાજપમાં જોડાયા



બગસરા, તા. ૨૨

બગસરા તાલુકાના ડેરી પીપરીયા ગામના વતની હાલ બગસરા ખાતે રહેતા ૧૫ વર્ષથી કાર્યરત એવા બગસરા તાલુકા પૂર્વ કોંગ્રેસ પ્રમુખ અને જુના આગેવાન ભરતભાઈ ભાલાળાએ કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામુ આપ્યુ હતું. આ તકે બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર દ્વારા વિધિવત ખેસ પહેરાવી ભારતીય જનતા પાર્ટીમાં સ્વાગત કરવામાં આવ્યુ હતું.

## અમદાવાદમાં સંતાન પ્રાપ્તિ માટે મહિલાને ઢોંગી ભુવાએ ફસાવી દુષ્કર્મ આચર્યું

અમદાવાદ,તા.૨૨

અમદાવાદના પોશ વિસ્તારનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો. શહેરના હાઈફાઈ ગણાતા વિસ્તારમાં રહેતી મહિલાને લગ્નના ૧૦ વર્ષ બાદ પણ સંતાન થતું ન હતું. ઘણી મેડિકલ સારવાર કરાવી તેમ છતાં મહિલા માતા ન બનતા આખરે ભણેલીગણેલી મહિલાને કોઈકે ભુવાનું સરનામુ આપ્યું. ભણેલી ગણેલી રૂપકડી મહિલા એક ભુવાને મળવા ગઈ. ભુવાએ મહિલાને કહ્યું દીકરો જોઈતો હોય તો જેમ હું કહું એમ તારે કરવું પડશે. મહિલાએ ભુવાની વાત માની લીધી અને પછી શરૂ થયો ગંદો ખેલ. ભુવાએ મહિલાને ફસાવીને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો અને પ્રેમજાળમાં ફસાવી દીધી. ભુવો ખુબ શોખીન હતો. જ્યારે મન પડે ત્યારે આ ઢોંગી તાંત્રિક મહિલાના ન્યૂડ ફોટા અને વીડિયો મંગાવતો હતો. એક દિવસ મહિલાનો ફોન પતિના હાથમાં આવી ગયો. પતિએ ફોન ચેક કરતા મહિલાએ કોઈને નગ્ન ફોટા મોકલ્યાં હોવાનું સામે આવ્યુ. બસ એ જ વખતે ભુવાના કૌભાંડનો ભાંડો ફૂટ્યો. પતિએ પોતાની પત્નીને ધમકાવી અને પૂછપરછ કરતા તેણે સમગ્ર હકીકત જણાવી. શહેરના પોશ વિસ્તારમાં રહેતી મહિલાને લગ્નના દસ વર્ષ સુધી સંતાન સુખ ન મળતા તે ભુવા પાસે પહોંચી ગઈ હતી. ભુવાએ થોડા સમય સુધી મહિલા પાસે વિધિ કરાવી અને બાદમાં મહિલાને તેના પતિ વિરુદ્ધ કાન ભંભેરણી શરૂ કરી. જેને લઈને મહિલાએ પતિ સાથે વાત કરવાનું બંધ કર્યું હતું. દંપતી વચ્ચે થતા ઝઘડાનો ફાયદો ઉઠાવીને તાંત્રિકે મહિલાને પોતાની પ્રેમજાળમાં ફસાવી દીધી હતી.

## ચોટીલા ખાતે આં. રા. હિંદુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળની બેઠક



ચોટીલા,તા.૨૨

ચોટીલા જલારામ મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ રાજકોટ વિભાગની બેઠક રવિવારે મળી હતી. આ બેઠકમાં આગામી દિવસોમાં રાષ્ટ્રીય બજરંગદળ સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા હિંદુ વીર પ્રશિક્ષણ વર્ગ રાજકોટ ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં જુડો, કરાટેની તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત યુવાનો બૌદ્ધિક રીતે સક્ષમ બને તે માટે માર્ગદર્શન આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં રાષ્ટ્રીય મંત્રી આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રણછોડભાઈ ભરવાડ, બકુલભાઈ ખાખી, નિર્મલ સિંહ ખૂમાણ, વસંતભાઈ પટેલ, વનરાજસિંહ ખેર, જયંતીભાઈ પટેલ, યોગેન્દ્ર સિંહ રાઠોડ, બીજલભાઈ રબારી, જગદીશભાઈ વાદોદરીયા, ચંદુભાઈ વાલા વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## જસદણ નગરપાલિકાને કારણે પાણીના ધાંધીયા, ભર ઉનાળે પ્રજાનો રઝળપાટ

### લોકો વેચાતું પાણી લેવા માટે મજબુર

જસદણ,તા.૨૨

જસદણ નગરપાલિકાએ છેલ્લાં ૧૫ દિવસથી એકાંતરા પાણી આપવાને બદલે ચાર પાંચ દિવસે પાણી આપતાં લોકોમાં વહીવટદાર શાસન સામે ભારે રોષ ભભૂકી ઉઠયો છે. વિવિધ વેરાઓ વસુલતી નગરપાલિકા લોકોને જીવનજરૂરી સુવિધા ન આપતા લોકોમાં ભારે ગુસ્સો જોવા મળી રહ્યો છે. આ પહેલા નગરપાલિકામાં પ્રમુખ અનિતાબેનના શાસનમાં એકાંતરે પાણી મળતું હતું પરંતુ વહીવટદાર શાસનમાં લોકોને ચાર પાંચ દિવસે પાણી મળી રહ્યું છે. જેના કારણે લોકો પાણીના વેચાતા ટેન્કર લેવા માટે મજબુર બન્યા છે. જો આમને આમ જ ચાલ્યા કર્યું તો ગૃહિણીઓ રસોડા છોડી મેદાનમાં આવે એ દિવસો દુર નથી. ૧૯૯૫માં જસદણ નગરપંચાયતને પાલિકાનો દરજજો મળ્યો પણ ત્યારથી આજ સુધી પ્રજાને ક્યારેય દરરોજ પાણી મળ્યું નથી.

તો બીજી બાજુ હજારો ભુતિયા નળ કનેકશનમાંથી એક પણ કનેક્શન કાપવામાં આવ્યું નથી. આ ભુતિયા કનેક્શન છે ત્યાં પાણીની રેલમછેલ છે પણ નળ જોડાણ ધરાવરાઓને પાંચ દિવસે પાણી મળી રહ્યું છે એ વાસ્તવિકતા છે.

## લાઠી-દામનગર ખાતે ધારાસભ્યની આગેવાનીમાં મોદી પરિવાર સભા







અમરેલી,તા.૨૨

દામનગર તેમજ લાઠી શહેર ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની આગેવાનીમાં મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી. દામનગર શહેરમાં પટેલ સમાજ વાડી ખાતે તેમજ લાઠી શહેરમાં વળીયા કોમ્પ્લેક્ષ ખાતે શહેરી વિસ્તાર માટે મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી જેમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ ભાજપના શરદભાઈ પંડયા તેમજ અન્ય મહાનુભાવો દ્વારા સભાને સંબોધન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, જિલ્લા પંચાયતના સદસ્યો, સહકારી અગ્રણીઓ, તાલુકા પંચાયતના હોદ્દેદારો, શક્તિ કેન્દ્રના હોદ્દેદારો, મહિલા અગ્રણીઓ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા લાઠી તાલુકાના અલગ અલગ વિસ્તારના શક્તિ કેન્દ્રમાં મોદી પરિવાર સભા યોજવામાં આવી હતી. તાજેતરમાં લાઠી-દામનગર શહેર ખાતે મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી. આ તકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, વિધાનસભાના સંયોજક જીતુભાઈ ડેર, વિધાનસભાના વિસ્તારક વૈભવભાઈ નાયક, જીલ્લા ભાજપના હોદ્દેદારો સહિતનાઓ હાજર રહ્યાં હતા.

## ડોળાસા ગામે વીરાબાપા મંદિરના પ્રાંગણમાં મોટો વીજપોલ ફાળવાયો



ડોળાસા, તા.૨૨

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે આવેલ વીરા ભગતના મંદિરના પટાંગણમાં જમ્બો એલઈડી વીજપોલ ઉભો કરવામાં આવ્યો છે. ગીરસોમનાથ જિલ્લા પંચાયત સદસ્ય અમુભાઈ વાજાની ગ્રાન્ટમાંથી આ પોલ ફાળવવામાં આવ્યો છે. લોકોની સુખાકારીમાં વધારો કરવાના પ્રયાસના ભાગરૂપે આ પોલ ફાળવાયો છે જેનું લોકાર્પણ ગામના રાજકીય, સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

## વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે સાયકલ રેલીમાં ભાગ લેતા મનસુખ માંડવીયા



અમરેલી,તા.૨૨

પોરબંદર લોકસભાની બેઠકના ઉમેદવાર મનસુખભાઈ માંડવીયાએ ચૂંટણી પ્રચારને બદલે વિશ્વ પૃથ્વી દિવસને મહત્વ આપ્યુ હતું. જેમાં પોરબંદર લોકસભાના ભાજપ ઉમેદવારે ચૂંટણીના પ્રચાર દરમિયાન પણ તેમણે પોતાનો કિંમતી સમય કાઢી વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી અને તેના જાગૃતિના કાર્યક્રમને પ્રાથમિકતા આપી હતી. ડો. મનસુખ માંડવીયા પહેલેથી જ પૃથ્વીના સંરક્ષણ માટે સક્રિય છે. પોરબંદરમાં આયોજિત સાયકલ રેલીમાં મનસુખ માંડવીયાએ જણાવ્યું કે, ચૂંટણી કરતાં આપણી પૃથ્વી વધુ મહત્વની છે, તેથી જ હું આ સાયકલ રેલીમાં જોડાયો છું. તે ઉપરાંત તેમણે કહ્યું કે, જો આપણે પૃથ્વીને બચાવવી હોય, આવનારી પેઢીઓ માટે પૃથ્વીને સુરક્ષિત રાખવી હોય, તો આપણે આજે જ પગલાં ભરવા પડશે. વડાપ્રધાને મિશન લાઈફ શરૂ કર્યું છે, આપણે સૌએ મિશન લાઈફમાં જોડાઈ પૃથ્વીને બચાવવામાં યોગદાન આપવું જોઈએ.

## ધોરાજીના જમનાવડ ગામે એક દિવસીય ધમ્મ શિબિર યોજાઈ



ધોરાજી,તા.૨૨

ધોરાજીના જમનાવડ ગામે આવેલા તથાગત ફાર્મ ખાતે બૌદ્ધ મહાસંઘ દ્વારા એક દિવસીય ધમ્મ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જ્ઞાનપિપાસુ ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવવા ધમ્મમિત્ર મગનભાઈ વાઢેર, મુકેશભાઈ શિંગાળા, શોભનાબેન વાઢેર, રમેશભાઈ વડીયાતર સહિતના મિત્રોએ જહેમત ઉઠાવી હતી.


**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી, મું.લાઠી**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૬/૨૪** **તા.૧૧/૩/૨૦૨૪**

વિવાદીઃ- શ્રી માલવીયા કાળુભાઈ કરશનભાઈ, રે. અલીઉદેપુર, તા.લાઠી, જિ.અમરેલી (મો.નં.૯૮૭૯૧૫૮૭૬૨)

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત અલીઉદેપુર, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના **મોજે.અલીઉદેપુર** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના ભત્રીજા રાજેશભાઈ પરશોતમભાઈ કાકડીયાનો જન્મ તા.૨૨/૦૨/૧૯૭૪ રોજ મોજે. અલીઉદેપુર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૧/૧૨/૨૩થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૫/૨૦૨૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી,**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**લાઠી**



## કોડીનાર તાલુકાના ડોળાસામાં સંત વીરાબાપાનો આઠમો પાટોત્સવ ઉજવાશે

ડોળાસા, તા.૨૨

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે સોરઠી સંત વીરા ભગતનું ભવ્ય મંદિર આવેલું છે. ડોળાસા ખાતે વિરાબાપાનું ભવ્ય મંદિર ૨૦૧૬ માં નિર્માણ પામ્યું હતું.

તા ૨૩/૪ ના રોજ આઠ વર્ષ પૂરા થશે. સંત વિરાબાપાનો આઠમો પાટોત્સવ ઉજવવા સમસ્ત ડોળાસા ગામ ઉત્સાહિત છે. જે અન્વયે તા. ૨૩ના રોજ સવારે નવ વાગ્યે વિરાબાપાની ભવ્ય અને વિશાળ શોભાયાત્રા નીકળશે જે ગામના મુખ્ય માર્ગો પરથી પસાર થશે. બપોરે અગિયાર વાગ્યે બાપાના લેરકા ગામે આવેલ મંદિરે બાઈક રેલી બાદ ધ્વજારોહણ થશે. ત્યારબાદ બપોરે આરતી યોજાશે અને સાંજે મહા આરતી બાદ ડોળાસા ગામ સમસ્ત સમૂહપ્રસાદ યોજાશે. રાત્રે સંતવાણી કાર્યક્રમ યોજાશે. આ ભવ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભકતોને જાહેર નિમંત્રણ પાઠવાયુ છે.

## અમરેલીમાં બાબર સમાજના ઈષ્ટદેવ વીર મેહુર દાદાની શોભાયાત્રા નીકળી




અમરેલી,તા.૨૨

અમરેલીમાં બાબર સમાજના ઈષ્ટદેવ વીર મેહુર દાદાની જયંતી નિમિત્તે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વીર મેહુર દાદા યુવક મંડળ દ્વારા વીર મેહુર દાદા જયંતી ઉત્સવ નિમિત્તે ભવ્ય વરણાગી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે શોભાયાત્રા અમરેલી શહેરના રાજમાર્ગો, રાજકમલ ચોક સહિતના વિસ્તારોમાં ફરી હતી. મેહુર દાદાની ભક્તિમાં સમગ્ર બાબર સમાજ લીન થયો હતો અને જિલ્લા ભરમાંથી બાબર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ડીજેના તાલ સાથે સમાજના લોકો શોભાયાત્રામાં ઝુમી ઉઠયા હતા અને આસ્થાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શોભાયાત્રા બાદ શશાંક મહાજન પાર્ટી પ્લોટ ખાતે મહા આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના આગેવાનોએ આરતીનો લાભ લીધો હતો. આરતી બાદ લોકોએ સાથે મળીને સમૂહ ભોજન પણ લીધું હતું.

# ૧૩૨ લોકોને રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુના હસ્તે પદ્મ પુરસ્કાર

ન્યુ દિલ્હી,તા.૨૨



રાષ્ટ્રપતિ ભવનમાં ૧૩૨ લોકોને પદ્મ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આ વખતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૫ લોકોને પદ્મ વિભૂષણ, ૧૭ લોકોને પદ્મ ભૂષણ અને ૧૧૦ લોકોને પદ્મ શ્રીથી સન્માનિત કર્યા હતા. આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યાં હતા. આ સન્માનોની જાહેરાત ૨૫ જાન્યુઆરીએ કરવામાં આવી હતી. સૌપ્રથમ, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, બિંદેશ્વર પાઠક (મરણોત્તર) અને દક્ષિણ અભિનેતા ચિરંજીવી સહિત પાંચ લોકોને પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. બિંદેશ્વર પાઠકના પત્ની અમોલા પાઠકે એવોર્ડ મેળવ્યો હતો. આ પછી અભિનેતા મિથુન ચક્રવર્તી, ગાયક ઉષા ઉથુપ અને સીતારામ જિંદાલ સહિત ૧૭ લોકોને પદ્મ ભૂષણ આપવામાં આવ્યો હતો. આ સિવાય મનોહર કૃષ્ણ ડોલે અને રામચેત ચૌધરી સહિત ૧૧૦ લોકોને પદ્મશ્રી આપવામાં આવ્યા હતા. ૨૦૨૪ માટે પદ્મશ્રી એવોર્ડ એવા લોકોને આપવામાં આવી રહ્યો છે જેઓ અત્યાર સુધી અનામી હતા.

# ગયા વર્ષે સાંસદો અને ધારાસભ્યો વિરુધ્ધ બે હજારથી વધુ કેસમાં નિર્ણય લેવાયો : સુપ્રીમ કોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨



સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે ગયા વર્ષે દેશમાં સાંસદો અને ધારાસભ્યો વિરુદ્ધ નોંધાયેલા કુલ કેસમાંથી બે હજારથી વધુ કેસોમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. વરિષ્ઠ વકીલ વિજય હંસરિયાએ એફિડેવિટ દાખલ કરીને આ માહિતી આપી હતી. વાસ્તવમાં, સુપ્રીમ કોર્ટ એક અરજી પર સુનાવણી કરી રહી છે, જેમાં માંગ કરવામાં આવી છે કે જનપ્રતિનિધિઓ વિરુદ્ધ નોંધાયેલા કેસોની સુનાવણી ઝડપી કરવામાં આવે. આ કેસમાં કોર્ટે વરિષ્ઠ વકીલ વિજય હંસરિયાને એમિકસ ક્યૂરી તરીકે નિયુક્ત કર્યા છે. વિજય હંસરિયાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશોને પગલે સાંસદ/ધારાસભ્ય કોર્ટમાં સાંસદો અને ધારાસભ્યો વિરુદ્ધ નોંધાયેલા કેસોની સુનાવણી વધી છે. જો કે, કોર્ટ દ્વારા વધુ માર્ગદર્શિકા આપવી જોઈએ જેથી પેન્ડિંગ કેસોની પણ જલ્દી સુનાવણી થઈ શકે. સોગંદનામામાં કહેવામાં આવ્યું છે કે સાંસદો અને ધારાસભ્યો સામે પડતર કેસોની હાઈકોર્ટ દ્વારા કડક સમીક્ષા થવી જોઈએ. એડવોકેટ વિજય હંસરિયાએ કોર્ટમાં એનજીઓ એડીઆરના રિપોર્ટને ટાંકીને જણાવ્યું કે લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કામાં કુલ ૨,૮૧૦ ઉમેદવારોમાંથી ૫૦૧ ઉમેદવારો એટલે કે ૧૮ ટકા ઉમેદવારો દાગી છે.

# વલસાડ એક્સપ્રેસમાં આગ ઓલવતી વખતે થયો વિસ્ફોટ : આરપીએફ જવાનનું મોત


મુઝફ્ફરપુર,તા.૨૨



મુઝફ્ફરપુર રેલવે સ્ટેશન પર વલસાડ એક્સપ્રેસની બોગીમાં બ્લાસ્ટ થતાં એક આરપીએફ જવાનનું મોત થયું હતું. બોગીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આરપીપીએફની ટીમે આગને કાબૂમાં લેવાનું શરૂ કર્યું હતું. તે જ સમયે કોન્સ્ટેબલ વિનોદ કુમારે નાના ફાયર સિલિન્ડર વડે આગ ઓલવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આ દરમિયાન સિલિન્ડરમાં વિસ્ફોટ થયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે વિનોદ કુમારનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ઘટના બાદ વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો. રેલવે અધિકારીઓએ વિનોદ કુમારને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો પરંતુ ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યો હતો.

# આતંકવાદ સંબંધિત તપાસમાં શ્રીનગરમાં ૯ સ્થળોએ દરોડા પાડતી એનઆઈએ

(એ.આર.એલ),શ્રીનગર,તા.૨૨



નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ સોમવારે જમ્મુ-કાશ્મીરની ઉનાળાની રાજધાની શ્રીનગરમાં દરોડા પાડ્યા હતા. અહીં એજન્સીની ટીમો પુરી તાકાત સાથે નવ અલગ-અલગ જગ્યાએ પહોંચી હતી. દરેક જગ્યાએ કાર્યવાહી ચાલી હતી. કહેવામાં આવી રહ્યું છે કે આ કાર્યવાહી આતંકવાદ સંબંધિત મામલામાં તપાસના સંદર્ભમાં કરવામાં આવી છે. આ પહેલા રવિવારે, સુરક્ષા દળોએ રાજોરીના થન્ના મંડી વિસ્તારમાં એક આતંકવાદી ઠેકાણાને નષ્ટ કરીને અને એકથી અડધા કિલો વજનના આઠ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ રિકવર કરીને મોટા ષડયંત્રને ટાળ્યું હતું. દરમિયાન, પુંછ જિલ્લામાં સુરક્ષા દળોએ બે ચાઈનીઝ બનાવટના ગ્રેનેડ અને એક પાકિસ્તાની પિસ્તોલ સાથે આતંકવાદી સુત્રધાર કમરુદ્દીનની ધરપકડ કરી છે. પાકિસ્તાન લોકસભા ચૂંટણીમાં અશાંતિ ફેલાવવા માટે સતત ષડયંત્ર રચી રહ્યું છે. બાતમી પર કાર્યવાહી કરતા, સેના અને પોલીસની એસઓજીએ રાજૌરી જિલ્લાના થન્નામંડીના અઝમતાબાદ વિસ્તારમાં સંયુક્ત સર્ચ ઓપરેશનમાં, એક આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કર્યો અને આઠ આઈઈડી અને દારૂગોળો જપ્ત કર્યો.


# ભગવાન રામ ફક્ત હિન્દુઓના જ નહી તમામ લોકોના છે : ફારૂક અબ્દુલા

(એ.આર.એલ),રાંચી,તા.૨૨

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે ભગવાન રામ માત્ર હિંદુઓના જ નહીં પરંતુ દરેકના છે. તેઓ રાંચીમાં વિપક્ષી ગઠબંધન 'ભારત'ની 'ઉલ્ગુલાન ન્યાય મહારેલી'ને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કોઈપણ પક્ષનું નામ લીધા વિના કહ્યું કે તેઓ ભગવાન રામને વેચી રહ્યા છે. તેઓ દાવો કરી રહ્યા છે કે તેઓ તેમને લાવ્યા છે. તેઓ ભગવાન રામને ઓળખતા નથી. રામ માત્ર હિંદુઓના જ નહીં, વિશ્વના છે. રામ દરેકના છે, પણ તેમણે રામને પોતાનો બનાવી લીધો છે અને દાવો કરી રહ્યા છે કે તેઓ માત્ર તેમના જ છે. ફારુક અબ્દુલ્લાએ ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, તે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની લોકપ્રિયતાથી ડરે છે. તેને કોઈપણ ભૂલ વગર જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા. અબ્દુલ્લાએ લોકોને અપીલ કરી કે તેઓ દેશ અને લોકશાહીને બચાવવા 'ભારત'ના ઉમેદવારોની તરફેણમાં મતદાન કરે.

# કોંગ્રેસની નજર હવે માતા-બહેનોની સંપત્તિ પર છે : પ્રધાનમંત્રી મોદી

લખનૌ,તા.૨૨



પીએમ નરેન્દ્ર મોદીએ અલીગઢ લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર સતીશ ગૌતમ અને હાથરસથી અનૂપ વાલ્મિકીના સમર્થનમાં પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે આયોજિત જાહેર સભાને સંબોધી હતી.

આ તકે, પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ અને ભારત ગઠબંધનની નજર હવે તમારી કમાણી અને તમારી સંપત્તિ પર છે. કોંગ્રેસના રાજકુમાર કહે છે કે 'તેમની સરકાર આવશે તો કોણ કેટલું કમાય છે, કોની કેટલી મિલકત છે તેની તપાસ કરાવશે.' એટલું જ નહીં, તેઓ આગળ કહે છે કે 'આ મિલકતનો કબજો લઈને સરકાર કરશે.' તે દરેકને આપશે. એમનો મેનિફેસ્ટો આ જ કહી રહ્યો છે. હવે તેમની નજર કાયદો બદલીને અમારી માતા-બહેનોની સંપત્તિ છીનવી લેવા પર છે. હવે તેમની નજર તેમના મંગળસૂત્ર પર છે.

# ૧૪ વર્ષની સગીરાને ૩૦ અઠવાડિયાના ગર્ભને દૂર કરવાની સુપ્રીમે મંજૂરી આપી

નવીદિલ્હી,તા.૨૨

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણય કરતાં ૧૪ વર્ષની દુષ્કર્મ પીડિતાને ૩૦ અઠવાડિયાનો ગર્ભ દૂર કરવા માટે મંજૂરી આપી દીધી છે. મહારાષ્ટ્રની દુષ્કર્મ પીડિતાએ ગર્ભપાત કરાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેના પર ૧૯ એપ્રિલે કોર્ટે તાત્કાલિક સુનાવણી કરી પીડિતાની મેડિકલ તપાસ કરાવવાનો આદેશ આપ્યો હતો. આ મામલે સગીરાની માતાએ અગાઉ બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી. ૪ એપ્રિલે બોમ્બે હાઈકોર્ટે સગીરાને ગર્ભપાતની મંજૂરી આપી ન હતી. આ પછી બાળકીની માતાએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ મામલે સુનાવણી CJI ચંદ્રચુડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની ખંડપીઠે હાથ ધરી હતી. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને ફગાવી દીધો અને સગીરાનું મેડિકલ ચેકઅપ કરવાનો આદેશ આપ્યો હતો.

# ૨૫૦૦૦ જેટલા શિક્ષકોની ભરતી રદ કરી મમતા સરકારને ઝટકો આપતી કોલકત્તા હાઈકોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨



પશ્ચિમ બંગાળ શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં સોમવારે કોલકત્તા હાઈકોર્ટે મોટો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે કથિત રીતે ગેરકાયદેસર રીતે મેળવેલી તમામ નોકરીઓ રદ કરી હતી. જસ્ટિસ દેવાંશુ બસાક અને જસ્ટિસ મોહમ્મદ સબ્બીર રશીદની બનેલી કલકત્તા હાઈકોર્ટની ડિવિઝન બેંચે કહ્યું, "જે લોકો લાંબા સમયથી ગેરકાયદેસર રીતે કામ કરી રહ્યા છે તેમને વ્યાજ સહિત તેમનો પગાર પરત કરવો પડશે." આ નિર્ણય હેઠળ, ૨૫,૭૫૩ નોકરીઓ રદ કરવામાં આવી હતી. તેને ૨૦૧૬ની પેનલમાં નોકરી મળી હતી. પેનલનો કાર્યકાળ પૂરો થયા બાદ જેમને નોકરી મળી છે, તેમણે પેમેન્ટ કરવાનું રહેશે. વાદીના વકીલે કહ્યું, "૨૦૧૬ની આખી પેનલ રદ કરવામાં આવી છે. કોર્ટે ડીએમને ૨૦૧૬ ની ચારેય ભરતી પ્રક્રિયાઓ - ગ્રુપ સી, ગ્રુપ ડી, ૯મી-૧૦મી, ૧૧મી-૧૨મી પેનલને ચાર અઠવાડિયાની અંદર જાણ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે કહ્યું છે કે પગાર પરત કરવાનો રહેશે.

# શ્રીલંકામાં રામાયણ સંબંધિત સ્થળો વિકસાવવામાં ભારત મદદ કરશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨

શ્રીલંકામાં ભારતના હાઈ કમિશનર સંતોષ ઝાએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ટોચના અધિકારીઓ સાથે મિટિંગનું આયોજન કર્યું હતું. આ દરમિયાન દ્વિપક્ષીય રાષ્ટ્રમાં રામાયણ સાથે સંકળાયેલા સ્થળોના વિકાસમાં ભારત મદદ કરી શકે તેવી પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સંતોષ ઝા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગિરી મહારાજ અને તેમની ટીમને અહીં ઈન્ડિયા હાઉસ ખાતે મળ્યા હતા. શ્રીલંકામાં ભારતીય હાઈ કમિશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, હાઈ કમિશનર સંતોષ ઝા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગિરિ મહારાજ અને તેમની ટીમને ઈન્ડિયા હાઉસ ખાતે મળ્યા હતા. આ દરમિયાન ઝાએ સ્વામી ગોવિંદ દેવ ગિરી મહારાજ અને તેમની ટીમ સાથે ચર્ચા કરી કે જે રીતે ભારત રામાયણ સંબંધિત સ્થળોના વિકાસમાં મદદ કરી શકે છે.

# પાક.ની સંસદમાં ઘૂસી ચોરોએ સાંસદો-સ્ટાફનાં પગરખાંની ચોરી કરતા હડકંપ, તપાસના આદેશ

ઈસ્લામાબાદ,તા.૨૨



પાકિસ્તાનની સંસદના પરિસરમાંથી ચોરીની ઘટના સામે આવી છે, જેને પગલે સંસદના સ્પીકર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આર્થિક કટોકટીનો સામનો કરી રહેલા પાકિસ્તાનમાં હવે સંસદમાં પણ ચોરી થવા લાગી હોવાથી સાંસદો સહિતના લોકો આશ્ચર્યમાં મુકાયા છે. દેશના અન્ય હિસ્સાઓમાં પણ ચોરી, લૂંટની ઘટનાઓ વધવા લાગી છે. આતંકવાદ અને કટ્ટરવાદને જ પ્રોત્સાહન આપનારા પાકિસ્તાને આર્થિક સ્થિતિ બદલવા પર ધ્યાન ના આપતા હાલ પરિસ્થિતિ એટલી કફોડી બની ગઈ છે કે લોકો સંસદમાં પણ લૂંટ કરવા લાગ્યા છે.

આશ્ચર્યની વાત એ છે કે ચોરોએ સંસદની સુરક્ષાને પાર કરીને સંસદમાં ઘૂસીને સાંસદોના જુતા અને ચપ્પલ જ ચોરી કરી લીધા હતા. સંસદના પરિસરમાં જ એક મસ્જિદ આવેલી છે, આ મસ્જિદમાં સાંસદો સહિતના નેતાઓ નમાઝ પઢવા ગયા હતા. સાંસદો જ્યારે નમાઝ પઢીને પરત ફર્યા ત્યારે તેઓના જૂતા ગાયબ હતા. મસ્જિદના દરવાજેથી આશરે ૨૦ જોડી જૂતા ચોરાઇ ગયા હતા. આ વિસ્તારમાં ભારે સુરક્ષા હોય છે તેમ છતાં આટલી મોટી સંખ્યામાં સાંસદોના જૂતા ચપ્પલની ચોરી કોણ કરી ગયું તેને લઈને એક પ્રકારનું કુતુહલ પાકિસ્તાનમાં જોવા મળી રહ્યું છે.


# કુવૈતમાં પહેલીવાર હિન્દી રેડિયો પ્રસારણ, ભારતીયોમાં ફેલાયો આનંદ

કુવૈત,તા.૨૨

કુવૈતમાં સૌ પ્રથમવાર હિંદી રેડિયો પ્રસારણની શરૂઆત થઇ છે. કુવૈતમાં ભારતીય દૂતાવાસે આ અંગે માહિતી આપી હતી. મહત્વનું છે કે કુવૈતમાં ભારતીય સમુદાયનો મોટો વર્ગ છે ત્યારે હિંદીમાં રેડિયો પ્રસારણની શરૂઆત થતા ભારતીય દૂતાવાસ સહિત કુવૈતમાં રહેતા ભારતીયોમાં આનંદની લાગણી જોવા મળી હતી. ભારતીય દૂતાવાસે એફએમ ૯૩.૩ અને એએમ ૯૬.૩ પર કુવૈત રેડિયો પર હિન્દી કાર્યક્રમ શરૂ કરવા માટે કુવૈતના માહિતી મંત્રાલયની પ્રશંસા કરી હતી. ભારતીય દૂતાવાસે કહ્યું કે કુવૈત દ્વારા લેવામાં આવેલ આ પગલું બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરીને, ભારતીય દૂતાવાસે કહ્યું, કુવૈતમાં પ્રથમ વખત હિન્દી રેડિયો પ્રસારણ શરૂ થયું છે.

# રિતેશ દેશમુખે પોતાના પરિવાર સાથે અયોધ્યામાં રામલલાના દર્શન કર્યા

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૨




એક્ટર રિતેશ દેશમુખ, પત્ની જેનેલિયા અને પોતાના બન્ને બાળકોની સાથે અયોધ્યા પહોંચ્યા અને રામલલાના દર્શન કર્યા. રિતેશ દેશમુખ અને તેમની ફેમિલીની અયોધ્યા રામ મંદિરની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. એક્ટર અને ફિલ્મમેકર રિતેશ દેશમુખે પોતાના ઓફિશ્યલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક ફોટો શેર કર્યો છે. ફોટોમાં એક તરફ તે પરિવારની સાથે હાથ જોડીને દર્શન કરી રહ્યા છે તો બીજી બાજુ રામલલાની ઝલક દેખાઈ રહી છે.

એક્ટર રિતેશ દેશમુખ, પત્ની જેનેલિયા અને પોતાના બન્ને બાળકોની સાથે અયોધ્યા પહોંચ્યા અને રામલલાના દર્શન કર્યા. રિતેશ દેશમુખ અને તેમની ફેમિલીની અયોધ્યા રામ મંદિરની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. રિતેશ દેશમુખે ઈન્સ્ટાગ્રામ પર રામમંદિર દર્શનના ફોટોની સાથે એક કેપ્શન પણ શેર કર્યું છે. રિતેશે લખ્યું- મંત્રોથી મોટુ તારૂ નામ- જય શ્રીરામ! રામલલાના દર્શન કરીને બ્લેસ્ડ છે. આ ઉપરાંત તેમના બીજા પણ ઘણા ફોટો વાયરલ થઈ રહ્યા છે.

# મુંબઈએ રાજસ્થાનને ૧૮૦ રનનો ટાર્ગેટ આપ્યો: સંદીપ શર્માએ ૫ વિકેટ ઝડપી

અમદાવાદ,તા.૨૨



IPL-૨૦૨૪ની ૩૮મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે રાજસ્થાન રોયલ્સને ૧૮૦ રનનો ટાર્ગેટ આપ્યો છે. મુંબઈએ ટૉસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. મુબંઈએ ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા. MI તરફથી તિલક વર્માએ ૪૫ બોલમાં ૩ સિક્સરથી ૬૫ રનની અડધી સદી ફટકારી હતી, જ્યારે નેહલ વાઢેરા ૪૯ રન બનાવીને આઉટ થયો હતો. મોહમ્મદ નબીએ ૨૩ રનનું યોગદાન આપ્યું હતું. રાજસ્થાન તરફથી સંદીપ શર્માએ ૫ વિકેટ લીધી હતી. ટ્રેન્ટ બોલ્ટને ૨ વિકેટ મળી હતી. યુઝવેન્દ્ર ચહલ અને આવેશ ખાને એક-એક વિકેટ લીધી હતી.યુઝવેન્દ્ર ચહલે મોહમ્મદ નબીને પેવેલિયનમાં મોકલ્યો, આ સાથે તેણે IPLમાં ૨૦૦ વિકેટ પૂરી કરી. બીજી તરફ બોલ્ટે પોતાની T-૨૦ કારકિર્દીમાં ૨૫૦ વિકેટ પૂરી કરી લીધી છે.આ લખાય છે ત્યા સુધીમાં રાજસ્થાન રોયલ્સે ૬ ઓવરમાં વિના વિકેટે ૬૧ રન બનાવી લીધા હતા ત્યારે વરસાદના કારણે મેચ અટકાવવી પડી હતી.

**સલમાન ખાનના ઘર પર ફાયરિંગ કેસમાં ગુજરાત કનેક્શન**

# ક્રાઈમ બ્રાન્ચના દયા નાયક સુરત પહોંચ્યા

(એ.આર.એલ),સુરત,તા.૨૨

મુંબઈમાં બોલિવુડ સ્ટાર સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કેસના તપાસના તાર ગુજરાત સાથે જોડાયેલા છે. કચ્છ બાદ હવે આ કેસનું સુરત કનેક્શન નીકળ્યું છે. કચ્છમાં માતાના મઢમાંથી પકડાયેલા બે આરોપીઓએ સુરતની તાપી નદીમાં રિવોલ્વર ફેંકી દીધી હતી. તેથી આ મામલે તપાસ માટે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ સુરત પહોંચી છે. એકાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ દયા નાયક સુરતમાં આવી પહોંચ્યા છે.

મુંબઈ સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ મામલે મોટા અપડેટ સામે આવ્યા છે. આ કેસનું બીજું નવુ કનેક્શન ગુજરાત સાથે નીકળ્યું છે. આ માટે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ સવારથી જ સુરત શહેરમાં ધામા નાખ્યા છે. મુંબઈ પોલીસના જાણીતા એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ દયા નાયક સુરત શહેરમાં આવી પહોંચ્યા છે. કચ્છથી પકડાયેલા



બંને આરોપીઓએ પૂછપરછમાં કબૂલ્યું કે, આરોપીઓએ રિવોલ્વર સુરત તાપી નદીમાં ફેંકી હતી. તેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ તપાસ માટે સુરત આવી પહોંચી છે. હાલ, બંને આરોપીઓએ કેવી રીતે તાપી નદીમાં રિવોલ્વર ફેંકી તે પણ તપાસનો વિષય બન્યો છે. અલગ અલગ ટીમો દ્વારા તાપી નદીમાં ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. સલમાન ખાનનાં ઘર પર ચાર રાઉન્ડ ફાયરિંગ કરી ફરાર થયેલા શખ્સો કચ્છમાંથી પકડાતા ચકચાર મચી જવા પામી છે. લખપત તાલુકાના માતાના મઢ વિસ્તારમાંથી લોરેન્સ બિશ્નોઈ ગેંગના બે સાગરીતોને પોલીસે દબોચી લીધા હતા. પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને મુંબઈ પોલીસે સંયુકત રીતે બન્ને આરોપીને પકડી પાડ્યા હતા.

# ગઢડા ગોપીનાથજી મંદિરમાં ટેમ્પલ બોર્ડની ચૂંટણીમાં દેવપક્ષનો વિજય

ગઢડા,તા.૨૨

રવિવારે યોજાયેલી ગઢડા ગોપીનાથજી મંદિર ટેમ્પલ બોર્ડની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયુ છે. આજે આ ચૂંટણી માટે મતગણતરી હાથ ધરાઈ હતી. જેમાં શરૂઆતની મતગણતરી દરમિયાન પ્રથમ સાધુ અને પાર્ષદની બે બેઠકની મતગણતરી હાથ ધરાઈ હતી. જેમાં સાધુ બેઠકના હરીજીવન સ્વામી અને પાર્ષદ બેઠકના પોપટ ભગતની જીત થઈ હતી.



સૌપ્રથમ કુલ ૭ બેઠકમાંથી ૩ બેઠક પર દેવપક્ષનો વિજય થયો હતો. દેવપક્ષના સાધુ સંતોમાં જીતને લઈને આનંદ જોવા મળ્યો હતો. જે બાદ તમામ સાત બેઠકો પર પણ દેવપક્ષનો વિજય થયો છે. વિજેતા ઉમેદવાર અને સાધુ સંતોએ ગોપીનાથજી મહારાજની જયના જયકારા લગાવ્યા હતા. ચૂંટણી અધિકારીએ દેવપક્ષના તમામ ઉમેદવારોને વિજેતા જાહેર કર્યા હતા. આ મતગણતરી દરમિયાન શરૂઆતમાં આચાર્ય પક્ષને મતગણતરી બુથ પર કાગળ અને પેન નહીં લઈ જવા માટે ચૂંટણી અધિકારીએ ના પાડતા વિવાદ થયો હતો. જો કે બાદમાં ચૂંટણી અધિકારીએ પેન તેમજ કાગળ લઈ જવાની મંજૂરી આપતા વિવાદ શાંત થયો હતો અને શાંતિપૂર્ણ માહોલમાં મતગણતરી શરૂ થઈ હતી.

# પાટણના તળાવમાં ત્રણ લોકો ડૂબ્યા : મહિલાને બચાવી લેવાઈ

પાટણ,તા.૨૨

પાટણમાં ત્રણ વ્યક્તિઓ તળાવમાં ડૂબ્યા છે. પાટણમાં મણંદ નજીક તળાવમાં ત્રણ વ્યક્તિઓ ડૂબ્યા છે. તેમાં એક મહિલા અને બે પુરુષ તળાવમાં ડૂબ્યા છે. ફાયર બ્રિગેડની ટીમે મહિલાને તો બચાવી લીધી છે, પરંતુ એક પુરુષની શોધખોળ જારી છે. એક પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. હવે આ ત્રણેય એક જ કુટુંબના



છે?, આત્મહત્યાનો મામલો છે કે અકસ્માત છે તેની તપાસ કરવામાં આવી રહી છે. ઘટનાના સમાચાર મળવાના પગલે સ્થાનિક પોલીસ દોડી આવી હતી. તેણે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે અને મહિલાને સારવાર માટે મોકલી આપી છે. પોલીસનું કહેવું છે કે તેણે ઘટનાસ્થળની તપાસ સાથે મૃતકોના મોબાઈલ ફોનના આધારે તેમના સગાસંબંધીઓની વિગતો મેળવીને તેમને જાણ કરી છે. હાલમાં આ મુદ્દે કોઈપણ ફોડ પાડવાનો પોલીસે ઈન્કાર કર્યો છે. પોલીસનું કહેવું છે કે મહિલા નિવેદન આપવાની સ્થિતિમાં આવે તેના પછી આ બાબત પર પ્રકાશ પડશે. આ આખી એક જ ઘટના છે કે જુદી-જુદી ઘટના છે તે પણ જોવામાં આવશે.

# ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગના ઓપીડીમાં શોર્ટ સર્કિટથી આગ

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં આગની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગના ઓપીડીમાં આગ લાગી હતી. આગની જાણ થતા જ ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આગની આ ઘટનામાં કોઈ




જાનહાનિના સમાચાર નથી પણ હોસ્પિટલમાં ધુમાડાના ગોટેગાટા જોવા મળ્યા હતા. તમામ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા. આગ એસીમાં શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં આચાનક આગ લાગી હતી. મળતી માહિતી મુજબ એસીમાં શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ત્યારે આગની ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની ટીમ હોસ્પિટલમાં પહોંચી ગઈ હતી અને આગ પર કાબુ મેળવી લેવાયો હતો.

# ‘નજર ન લાગે માટે લીંબુનું તોરણ લાવ્યો’ : પરેશ ધાનાણી

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૨

કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ પ્રચંડ પ્રચાર શરૂ કર્યો છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ નેતા પરેશ ધાનાણી રાજકોટની બેઠકના ઉમેદવાર છે. પરશોત્તમ રુપાલા અને ક્ષત્રિય સમાજ વચ્ચે વિવાદ વકરતા રાજકોટની આ બેઠક ચૂંટણી માટે વધુ મહત્વપૂર્ણ બની છે. છેલ્લા કેટલાક સમયથી પરશોત્તમ રુપાલાની ટિકિટ રદ કરવાની ક્ષત્રિય સમાજની માંગને લઈને સમગ્ર રાજ્યમાં વિરોધ જોવા મળ્યો. આ વિવાદનો લાભ લેવા કોંગ્રેસે પાછીપાની ના કરતા રાજ્યના સ્ટાર નેતા પરેશ ધાનાણીને રૂપાલા સામે ટક્કર આપવા મેદાને ઉતાર્યા છે. ઉમેદવારી ફોર્મ ભરતાંની સાથે પરશે ધાનાણી જોરદાર રીતે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

રાજકોટ બેઠકના ઉમેદવાર પરેશ ધાનાણીએ શહેરના જ્યુબેલી




ગાર્ડનથી સોરઠીયાવાડી સર્કલ સુધી પદયાત્રા યોજી ચૂંટણી પ્રચાર કર્યો હતો. ધાનાણીએ લીંબુ સાથે ખાસ રીતે પ્રચાર કર્યો. પદયાત્રા દરમ્યાન ધાનાણી વેપારીઓને મળ્યા હતા અને એક લીંબુના વેપારી સાથે વાતચીત કરતાં લીંબુ હાથમાં લઈને સત્તાધારી ભાજપ પર આડકતરો પ્રહાર કર્યો. તેમણે કહ્યું કે ‘રાજકોટને કોઈની નજર ના લાગે માટે લાવ્યો છું લીંબુનું તોરણ’. વેપારીઓ સાથે વાત કરતાં ઉદ્યોગોની દુર્દશા પર પ્રકાશ પાડ્યો હતો.

પરેશ ધાનાણીએ ઉમેદવારી નોંધાવતા સાથે ચૂંટણીમાં રાજકોટ બેઠક પર તમામની નજર રહેશે. આજે ચૂંટણી પ્રચાર કરતા તેમણે શહેરના શાકભાજીના વેપારીઓ સાથે વાત કરી હતી.

# સ્ટેટ મોનિટરીંગ સેલે ચિલોડા પાસે ટ્રકમાંથી દારૂનો જથ્થો ઝડપ્યો

ગાંધીનગર,તા.૨૨

સ્ટેટ મોનિટરીંગ સેલ (એસએમસી) ના અધિકારીઓએ અમદાવાદ હિંમતનગર હાઈવે પરના ચિલોડા નજીકથી ટ્રકમાંથી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે દારૂ, રોકડ રકમ, મોબાઈલ અને ટ્રક મળીને કુલ રૂ. ૨૨,૦૪,૫૬૦ નો મુદ્દામાલ કબજે કરીને હરિયાણાના બે શખ્સોની ધરપકડ કરી હતી. જ્યારે ચાર ફરાર આરોપીની



શોધ હાથ ધરી છે. તપાસમાં દારૂનો આ જથ્થો વોટ્સએપ દ્વારા મંગાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. એસએમસીના અધિકારીઓએ માહિતીને આધારે અમદાવાદ હિંમતનગર હાઈવે પરના ધાનપ પાટીયા બ્રિજ પાસેથી દારૂ લઈને જતો ટ્રક અટકાવ્યો હતો. જેમાંથી પોલીસને રૂ, ૧,૮૩,૧૬૦ ની કિંમતનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ ઉપરાંત રોકડ રકમ, બે મોબાઈલ અને ટ્રક મળીને કુલ રૂ. ૨૨,૦૪,૫૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે હરિયાણાના માહુનખાન ડી. ખાન અને નઈમ ટી. ખાનની ધરપકડ કરી હતી.




# કલંક : પાટણમાં શિક્ષકે વિદ્યાર્થિની સાથે લંપટવેડા કરતા લોકોએ માર માર્યો

(એ.આર.એલ),પાટણ,તા.૨૨

પાટણની ખાનગી શાળાના એક શિક્ષકને વિદ્યાર્થિની સાથેના લંપટવેડા મોંઘા પડી ગયા છે. તેના લીધે તેને લોકોએ મારવા લીધો હતો. શિક્ષકે પેપર તપાસવા માટે પોતાની જ શાળાની એક વિદ્યાર્થિનીને ઘરે બોલાવી હતી. તેને અણછાજતો સ્પર્શ કર્યો હતો, તેના પછી તેની સાથે બળજબરી કરવાનો પ્રયત્ન કરતા વિદ્યાર્થિની ગભરાઈ ગઈ હતી. વિદ્યાર્થિની ભાગી છૂટી હતી અને તેણે અન્ય લોકો તથા માતાપિતાને આ અંગે જાણ કરી હતી. તેના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી અને લોકોએ લંપટ શિક્ષકને બરોબરનો મારવા લીધો હતો. તેના પછી પોલીસ શિક્ષકને પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. પોલીસે પીડિત વિદ્યાર્થિનીનું નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી છે. વિદ્યાર્થિનીએ આ મામલે દાખલ કરેલી ફરિયાદ



મુજબ પાટણની એક શાળામાં ફરજ બજાવતા વ્યાયામ શિક્ષક રણજીત ચૌધરીએ વિદ્યાર્થિનીને રવિવારે રજાના દિવસે શાળાના પેપરો તપાસવાના બહાને મેસેજ કરીને બોલાવી હતી.

જોકે વિદ્યાર્થિનીના માતાએ પોતાની દીકરીને તમારે ત્યાં નહીં આવે પેપર તપાસવા હોય તો ઘરે આપો એમ કહેતા શિક્ષકે વિદ્યાર્થિનીને પેપર ઘરે લઈ જવા માટે આનંદ સરોવર આગળ બોલાવી હતી. વિદ્યાર્થિની મોબાઈલ ફોન લઈને આનંદ સરોવર ખાતે આવી હતી. શિક્ષક ત્યાંથી પેપર ઘરે પડ્યા હોય તેમ જણાવી તેને ઘરે લઈ ગયો હતો.

